શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૪ અંક : ૦૮
ઓગસ્ટ : ૨૦૨૨

राष्ट्रदेवो भव

ભારતવર્ષની આઝાદીના વર્ષે
એક તરફ દેશભક્તો દ્વારા દેશના સિમાડાઓ
સુરક્ષિત થઈ રહ્યા હતા....
બીજી તરફ સંતશક્તિ દ્વારા ચારિત્રનિર્માણ માટે
ગુરુકુલના પાયા નંખાઈ રહ્યા હતા...
બન્ને અજોડ ઘટનાઓના અમૃત પર્વ પ્રસંગે...
ગાંધીજી વગેરે દેશભક્તો અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વગરે સંતોના
ચરણોમાં કોટિ કોટિ વંદન...



દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના નૂતન સોપાન સંશોધન કેન્દ્ર, સ્માર્ટ ક્લાસ, કમ્પ્યુટર લેબના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સંતો, શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ તથા પીએચ.ડી. પ્રાધ્યાપકોનું સન્માન, SGVP

શ્રાવણ મહિના દરમિયાન રુદ્રાભિષેક તથા શિવપૂજનનું આયોજન, શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ- USA

૧૫મી ઓગષ્ટના રોજ ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત સંતો-ભક્તો, સવાનાહ- USA

અંધ કન્યાશાળામાં રક્ષાબંધનની ઉજવણી કરતા SGVP ગુરુકુલના વિદ્યાર્થીઓ

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૪, ઓગસ્ટ : ૨૦૨૨, અંક : ૦૮

સ્વામિનારાયણ સમરે દુઃખ જાવે...

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સમરે દુઃખ જાવે;
મિટત શંક કાળવ્યાળ,
અતુલિત સુખ પાવે...સ્વા૦ ૧

વયુ અનૂપ સકળ વ્યાપ, તાપકું હરાવે;
શારદ અરુ શેષાદિક,
નારદ મુનિ ગાવે...સ્વા૦ ૨

નિશ દિન જેહી રટત નામ, હિયન મેં હુલસાવે;
મિટત તરત જનમ મરણ,
ફીરણ ભવ ન આવે...સ્વા૦ ૩

સમરત અતિ હોત સુમતિ, કુમતિ કું હરાવે;
પ્રગટ શ્યામ નામ વિના,
ભવ મેં ભરમાવે...સ્વા૦ ૪

વ્યાપત નહીં જાસ વિઘ્ન, જન્મ મરણ જાવે;
બ્રહ્માનંદ શ્યામ મૂરત,
અંતર ઠેરાવે...સ્વા૦ ૫

પ્રકાશક તથા માલિક : ૫.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂ. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂ. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂ. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એરૂસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul GurukulParivar
swaminarayangurukul.org darshan@sgvp.org

માયા સ્વરૂપ નિરૂપણ

- સ્વામી માધવપ્રિયદાસ

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીના માત્ર એક શ્લોકમાં માયાનું સુંદર લક્ષણ કર્યું છે.

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।

जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥ १०६

'માયા ત્રિગુણાત્મિકા છે, અંધકારરૂપ છે, શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, જીવાત્માને દેહ અને દેહના સંબંધીને વિષે અહંમમત્વની કરાવનારી છે.'

માયામાં સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો રહેલા છે, માટે તે ત્રિગુણાત્મિકા કહેવાય છે.

માયા અજ્ઞાનમય હોવાથી અંધકારરૂપ કહેવાય છે. માયામાં બે શક્તિઓ રહેલી છે, આવરણ શક્તિ અને વિક્ષેપશક્તિ.

માયા અજ્ઞાનરૂપી આવરણશક્તિથી જીવના મૂળ સ્વરૂપને ઢાંકી દે છે અને વિક્ષેપશક્તિથી જીવને દેહને વિષે અહંબુદ્ધિ અને દેહસંબંધી પદાર્થોને વિષે મમત્વબુદ્ધિ કરાવે છે.

માયા કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે અનેક વિકારોની જનની છે; જીવનાં જન્મ-મરણની હેતુ છે; પરમેશ્વરને આધીન છે અને પરમેશ્વરની શક્તિ છે.

જીવ ગમે તેટલાં સાધન કરે, પરંતુ સ્વપુરુષાર્થના બળથી માયારૂપી મહાસાગર તરી શકાતો નથી. માત્ર ને માત્ર પરમાત્માના આશ્રયથી જ માયાના મહાસાગરને તરી શકાય છે. એટલે જ ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે,

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।

मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ ७-१४

''હે અર્જુન ! આ મારી દૈવી અને ત્રિગુણી માયા તરવી દુષ્કર છે. જે મારે શરણે આવે છે, એ જ એને તરી શકે છે.''

માયાને પ્રકૃતિ પણ કહેવામાં આવે છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં પ્રકૃતિને જડચિદાત્મિકા કહી છે. પ્રકૃતિ કારણ રૂપે ચૈતન્ય છે અને કાર્ય રૂપે જડ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે માયાની દાર્શનિક વ્યાખ્યા તો કરી જ છે; સાથે સાથે સર્વને જલદીથી સમજાય એવી અનોખી સીધી, સાદી અને સરળ વ્યાખ્યા કરી છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે,

'ભગવાનનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે, તેને માયા જાણવી.'

આ વ્યાખ્યાનો મર્મ મોટો છે. ભગવાનનાં ધ્યાનમાં જે પદાર્થ આડા આવે તે પદાર્થ માયા છે. અર્થાત્ માત્ર માયિક પદાર્થો નહીં, આપણો આત્મા આડો આવે તો આત્મા પણ માયા છે અને ગુરુ આડા આવે તો ગુરુ પણ માયા છે !

માયાના ચોવીશ તત્ત્વો :

વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણનું તત્ત્વનિરુપણ અનોખું છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વો, પચીસમો આત્મા અને છવ્વીસમા પરમાત્મા- આમ છવ્વીસ તત્ત્વોનું નિરુપણ કરેલું છે.

સર્વ કારણનાં કારણ એવા પરમાત્માની પ્રેરક શક્તિથી ત્રિગુણાત્મિકા પ્રકૃતિનો ચાવીસ તત્ત્વરૂપે વિસ્તાર થાય છે. જેમ બીજમાંથી અંકુરો ઊઠે, એમ આ પ્રકૃતિમાંથી ચોવીસ તત્ત્વો પ્રગટે છે. ચોવીસ તત્ત્વોમાંથી પિંડ અને બ્રહ્માંડ સર્જાય છે.

આ ચોવીસ તત્ત્વ એટલે ચાર અંતઃકરણ, પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો, પંચ તન્માત્રાઓ અને પંચભૂતો.

ચાર અંતઃકરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. પંચ જ્ઞાનેન્દ્રિઓ એટલે શ્રોત્ર(કાન), ત્વક્(ત્વચા), ચક્ષુ(નેત્ર), રસના(જીભ), અને ઘ્રાણ(નાસિકા) પંચ કર્મેન્દ્રિઓ એટલે વાક્, પાણી, પાદ, પાયુ, ઉપસ્થ.

પંચ તન્માત્રા એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ.

પંચભૂતો જેમાંથી ઉપજે છે, એવા પરમાણુરૂપ સૂક્ષ્મ અંશોને 'તન્માત્રા' કહેવાય છે. પંચ ભૂતો એટલે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ. શાસ્ત્રોમાં જગતનાં મૂળ તત્ત્વો વિષે વિવિધ પ્રકારનું વર્ણન જોવા મળે છે.

કોઈ એક તત્ત્વને માને છે, કોઈ ત્રણ તત્ત્વને માને છે, કોઈ સાત તત્ત્વને માને છે, કોઈ ચોવીસ તત્ત્વોને માને છે, કોઈ પચીસ તત્ત્વોને માને છે, કોઈ છવ્વીસ તત્ત્વોને માને છે.

ભગવાન શ્રીકૃષ્ણ એકાદશ સ્કન્ધમાં આ વિરોધાભાસનું સમાધાન કરતાં કહે છે,

'જો ક્યાંય તત્ત્વોની ઓછી સંખ્યાનું નિરૂપણ હોય તો

તત્ત્વોનો એકબીજામાં અંતર્ભાવ કરીને વિરોધાભાસ દૂર કરવો, વધારે સંખ્યા દર્શાવવી હોય તો તત્ત્વોનો વિસ્તાર કરીને વિરોધાભાસ દૂર કરવો.'

'આ રીતે સમાસ-વિસ્તાર કરવાથી સંખ્યા અંગે વિરોધાભાસ રહેતો નથી.'

અંતમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'હે ઉદ્ધવજી ! માયાના ગુણોના પ્રભાવને લીધે આવા સંખ્યાના વાદ-વિવાદ થતા રહે છે, પરંતુ જે મહાપુરુષો જિતેન્દ્રિય છે, જેમનું ચિત્ત શાંત થયું છે, એમને કોઈ ભેદબુદ્ધિ રહેતી નથી અને વિવાદ પણ રહેતો નથી.' (ભાગ. સ્ક-૧૧, અ-૨૨)

બ્રહ્મસ્વરૂપ નિરૂપણ

મુણ્ડક ઉપનિષદમાં "अक्षरात् परतः परः ॥"

(मुण्ड. २-१-२)

"પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ માયાથી પર જે 'અક્ષર' એનાથી પણ પર છે."

અહીં બ્રહ્મનો અક્ષર શબ્દથી નિર્દેશ થયો છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે,

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।

क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १५-१६)

અહીં પણ અક્ષર શબ્દથી બ્રહ્મનો ઉલ્લેખ થયો છે.

સત્સંગિજીવનમાં બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરતાં કહેવામાં આવ્યું છે,

सत्यज्ञानमनन्तं च पूर्णं चाखण्डमक्षरम्।

धाम यद्वासुदेवस्य मूर्तं चामूर्तमुच्यते ॥३२॥

(स.जी.-प्र-१, अ-५१)

'બ્રહ્મ સત્યસ્વરૂપ છે, જ્ઞાનરૂપ છે, સ્વરૂપ અને સ્વભાવથી અનંત છે, સર્વત્ર પરિપૂર્ણ છે, અખંડ છે, અવિનાશી હોવાથી અક્ષર કહેવાય છે. આ અક્ષર પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીવાસુદેવ નારાયણ અને અનંતકોટિ મુક્તોને રહેવાનું ધામ છે. આ અક્ષરબ્રહ્મ મૂર્ત રૂપે પુરુષોત્તમ નારાયણની સેવા કરે છે અને અમૂર્ત રૂપે સર્વત્ર વ્યાપક છે.'

વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, "અને એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિ માર્ગે કરીને ભગવાનનાં અક્ષરધામને પામે છે. એ અક્ષરનાં બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે, તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ ને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે." (વચ.ગ.પ્ર.૨૧)

"અક્ષરબ્રહ્મ તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે ને એ અક્ષરની સંકોચ ને વિકાસ અવસ્થા થતી નથી, સદાય એક રૂપે રહે છે અને એ અક્ષર મૂર્તિમાન છે પણ અતિ મોટા છે, માટે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી." (વચ.ગ.પ્ર.૬૩)

'ભગવાનનું જે અક્ષરધામ છે તે તો અત્યંત મોટું છે, જેના એક-એક રોમને વિશે અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતા ફરે છે.' (વચ.ગ.પ્ર.-૬૩)

વચનામૃતમાં બ્રહ્મ શબ્દનો પ્રયોગ જુદી જુદી રીતે થયો છે.

નીચેનાં વચનામૃતમાં અક્ષરધામને ચિદાકાશ અને બ્રહ્મમહોલ કહ્યું છે.

"એ અક્ષરનાં બે સ્વરૂપ છે, એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે, તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ." (વચ.ગ.પ્ર.૨૧)

નીચેનાં વચનામૃતમાં ભગવાનની મૂર્તિનાં તેજને સચ્ચિદાનંદ બ્રહ્મ કહેવામાં આવ્યું છે.

'ભગવાન પુરુષોત્તમ નારાયણ છે તે તો સદા સાકાર જ છે અને મહાતેજોમય મૂર્તિ છે અને અંતર્યામીપણે કરીને સર્વત્ર પરિપૂર્ણ એવું જ સચ્ચિદાનંદ બ્રહ્મ છે, તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે.' (વચ.ગ.પ્ર.-૪૫)

"જેમ સૂર્યનો તડકો નિરાકાર કહેવાય છે ને સૂર્યના મંડળને વિશે જે સૂર્યદેવ છે તે સાકાર છે, તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે અને એ સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે." (વચ.ગ.પ્ર.-૪૫)

નીચેનાં વચનામૃતમાં મહાપુરુષને બ્રહ્મ કહેવામાં આવ્યા છે.

'સર્વ કારણનાં પણ કારણ ને અક્ષરાતીત ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તે મહાપુરુષ રૂપે કરીને મહામાયાને વિશે વીર્યને ધરે છે. તે પુરુષ અક્ષરાત્મક છે, મુક્ત છે અને એને બ્રહ્મ કહે છે.' (વચ.ગ.મ.-૩૧)

મહત્તત્વનું કારણ પ્રધાન અને પુરુષ છે અને પ્રધાનપુરુષનું કારણ મૂળ પ્રકૃતિ અને બ્રહ્મ છે." (વચ.ગ.પ્ર.-૬૩)

નવાઈની વાત તો એ છે કે, ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં બ્રહ્મ શબ્દનો પ્રયોગ પ્રકૃતિ અર્થાત્ માયા માટે પણ કર્યો છે. "मम योनिर्महद्ब्रह्म।"

માટે શાસ્ત્રોમાં જ્યાં જ્યાં બ્રહ્મ શબ્દ આવે ત્યાં સંદર્ભ પ્રમાણે અર્થ કરવો જોઈએ.

પુરાણ કથા

દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર

- સાધુ યજ્ઞવલ્લભદાસ

મહાભારત તથા વિષ્ણુપુરાણમાં એક અદ્‌ભુત કથા વર્ણવાઈ છે.

શિલ્પશાસ્ત્રના પ્રથમ ઋષિ મહર્ષિ ત્વષ્ટા થયા. તેઓ શિલ્પશાસ્ત્રમાં ખૂબ પારંગત હતા. એમને શિલ્પશાસ્ત્રના આવિષ્કર્તા કહેવામાં આવે છે.

ત્વષ્ટા ઋષિને બે સંતાન હતા. પુત્રનું નામ વિશ્વરૂપ ત્રિશિરા હતું, તો પુત્રીનું નામ સરણ્યુ હતું. ત્વષ્ટાએ તેની પુત્રી સરણ્યુના લગ્ન વિવસ્વત સાથે કર્યા. વિવસ્વત એટલે સ્વયં આદિત્ય, સૂર્ય. જેઓ પ્રકાશપૂંજના સ્વરૂપમાં વિદ્યમાન છે.

સરણ્યુ અને વિવસ્વતનું ગૃહસ્થજીવન ખૂબ પ્રેમાળ હતું. બન્ને વચ્ચે અથાગ પ્રેમ હતો. સમયાન્તરે સરણ્યુએ બે જોડિયા સંતાનોને જન્મ આપ્યો. પુત્રનું નામ યમ રાખ્યું તેમજ પુત્રીનું નામ યમી રાખ્યું.

યમને યમલોકના સ્વામી બનાવ્યા. પાપી જીવ મૃત્યુ પછી યમપુરીમાં જાય છે, જ્યાં યમરાજ તેમને કર્મ પ્રમાણે ફળ ભોગવાવે છે.

આ ઉપરાંત યમના બે દૂતપક્ષીઓ પણ છે: ઉલૂક અને કપોત.

સૂર્યનું તેજ ખૂબ આકરું છે. ભલભલાથી એ તેજ સહન ન થઈ શકે. સરણ્યુએ યુવાનીની ઊર્જામાં અને પ્રેમના ઉત્સાહમાં વર્ષો સુધી એ તેજને સહન કર્યું, પરંતુ કાળક્રમે સૂર્યનું તેજ તેમને બાળવા લાગ્યું.

બે સંતાનને જન્મ આપ્યો હતો, મહાતેજસ્વી સૂર્યની ઊર્જા સહન થઈ શકતી નહોતી અને ઉંમર પણ વધતી જતી હતી. આ બધાં કારણોને લીધે સરણ્યુનું શરીર દિવસે દિવસે નબળું પડતું ગયું.

શરણ્યુએ વિચાર કર્યો, જો હું સૂર્યલોકમાં જ રહીશ તો મારું શરીર વધારે ટકી નહીં શકે, પતિની સેવા પણ નહીં થઈ શકે. માટે એવો કોઈ ઉપાય શોધું કે પતિની સેવામાં ઉણપ પણ ન આવે અને હું પૃથ્વીલોકમાં રહી શકું.

એ માટે એકવાર સરણ્યુએ તદ્દન પોતાના જેવી જ છાયા સ્ત્રીની રચના કરી. તેણીએ છાયા સ્ત્રીને સૂર્યની પત્ની બનીને રહેવાનો આદેશ આપ્યો. તેમજ તેને યમ અને યમી બન્ને બાળકોનો ઉછેર કરવાની જવાબદારી પણ સોંપી.

પછી સરણ્યુ સૂર્યલોક અને તેના પતિ વિવસ્વતનો ત્યાગ કરીને મૃત્યુલોકમાં ચાલ્યા ગયાં. છાયા સૂર્યની પત્ની બનીને રહેવા લાગ્યાં.

સરણ્યુ અને છાયાના આ રહસ્ય વિશે વિવસ્વત તદ્દન અજાણ્યા હતા. તેઓ તો છાયાને જ સરણ્યુ સમજીને વર્તન કરતા હતા.

આમને આમ વર્ષો પસાર થઈ ગયા. છાયા થકી વિવસ્વતને એક સંતાનનો જન્મ થયો. તેનું નામ મનુ રાખવામાં આવ્યું. તેને વૈવસ્વત મનુ તરીકે પણ ઓળખવામાં આવતા. તે માનવોના આદિપુરુષ બન્યા, માનવજાતિના રાજા બન્યા.

આ મનુ દ્વારા યજ્ઞ પરંપરાની શરૂઆત થઈ. યજ્ઞ દ્વારા માનવોનું કલ્યાણ થાય તથા દેવો તૃપ્ત થાય એ માટેના પ્રયાસ થયા. પછી તો યજ્ઞોના અનેક પ્રકાર અસ્તિત્વમાં આવ્યા.

વિવસ્વત અને છાયાના ગૃહસ્થ જીવનના વર્ષો પસાર થયાં. છાયાએ સરણ્યુ બનીને રહેવાનો ખૂબ પ્રયત્ન કર્યો, તેથી જ સૂર્યદેવ પણ છાયા સરણ્યુને જ પોતાની પત્ની માનતા રહ્યા અને એક પુત્ર મનુનો જન્મ થયો.

પરંતુ છાયાનો આ વ્યવહાર ઝાઝો સમય છૂપો ન રહ્યો. ધીમે ધીમે સૂર્યદેવને છાયા ઉપર શંકા થવા લાગી. એકવાર સૂર્યદેવે છાયાને પૂછ્યું, "શરણ્યુ ! તું મને પહેલા જેવી સરણ્યુ નથી લાગતી. તારામાં કંઈક પરિવર્તન દેખાય છે. ખરેખર વાત શું છે ? મને જણાવ."

સૂર્યદેવનો આ પ્રશ્ન છાયાદેવીને ખૂબ ડરાવી ગયો. તેમને શરીરે ધ્રૂજારી પસાર થઈ ગઈ. જો પતિદેવને પોતાની હકીકત જણાઈ જશે તો ? આ પ્રશ્નથી તેઓ થરથર કંપવા લાગ્યા. તેઓ મોંઢામાંથી એક શબ્દ પણ ન બોલ્યા. મૂંગા જ ઊભા રહ્યા.

છાયાદેવીના મૌનથી સૂર્યદેવની શંકા વધુ દૃઢ બની. આથી તેઓ ક્રોધે ભરાયા અને બોલ્યા, "સરણ્યુ ! મને જણાવ કે તું કોણ છો ?"

છાયાદેવીને આ ક્રોધ અનર્થકારી લાગ્યો, છતાં તેઓ મૌન જ રહ્યા. ફરી વિવસ્વત ગુસ્સામાં બોલ્યા, "જો તું મને

સત્ય નહીં જણાવે, તો હું આકરી સજા કરીશ. તેથી મને જણાવી દે કે તું કોણ છે ?''

છાયા ડરથી ધ્રુજવા લાગ્યા. થોડીવાર પછી તે બોલ્યા, ''હું સરણ્યુ નથી. હું સરણ્યુની છાયા છું.''

''તો પછી સરણ્યુ ક્યાં છે ?''

''તે તમને છોડીને મૃત્યુલોક ચાલ્યા ગયા છે. તે મૃત્યુલોકમાં અશ્વિની એટલે કે ઘોડાનું રૂપ ધારણ કરીને રહે છે.''

''મૃત્યુલોક ? અશ્વિનીનું રૂપ ?'' વિવસ્વતને ખૂબ જ દુઃખ થયું. તે સરણ્યુને ખૂબ જ પ્રેમ કરતા હતા. તે વિહ્વળ થઈને બોલ્યા, ''જો સરણ્યુ પણ દેવલોકને છોડીને ચાલી ગઈ હોય, તો હું અહીં રહીને શું કરીશ ? હું પણ તેની પાસે ચાલ્યો જાઉં છું.''

સૂર્યદેવ પણ મૃત્યુલોકમાં આવ્યા. તેમણે પણ એક સુંદર અને સુડોળ અશ્વનું રૂપ ધારણ કર્યું. સરણ્યુના વિરહમાં વ્યાકુળ બનીને જંગલ, પર્વત, નદી, સરોવરમાં તેઓ સરણ્યુને શોધતા રહ્યા. સરણ્યુ ન મળ્યા એટલે તેઓ ખૂબ અશાંત થઈ ગયા. આકુળ-વ્યાકુળ થઈ ગયા. ભારે કલ્પાંત કરવા લાગ્યા અને વનવન ભટકવા લાગ્યા.

એવામાં અચાનક જ તેની દૃષ્ટિ એક અશ્વિની ઉપર પડી. તે ત્યાં જ ઊભો રહી ગયો. તે એકાગ્રતાથી અશ્વિનીને જોવા લાગ્યો. તેને લાગ્યું જાણે તેની ખોવાયેલી વસ્તુ તેને મળી ગઈ હોય. જાણે તેને તેની પ્રિય વસ્તુ મળી ગઈ હોય.

અશ્વિનીએ પાછળ ફરીને જોયું તો સામે એક સુંદર અશ્વ ઉભો હતો. હા, તેનો પરમપ્રિય ! તે અશ્વને ઓળખી ગયા. તે અશ્વ પાસે દોડી ગયા અને અશ્વને ચાટવા લાગ્યા. અશ્વ પણ તેની પત્નીને પામીને ખૂબ જ ખુશ થઈ ગયા. તે પણ અશ્વિનીને પ્રેમથી ચાટવા લાગ્યા.

બંને મૌન પ્રેમાલાપ કરવા લાગ્યા. પ્રેમ કરતા કરતા નસોમાં લોહી દોડવા લાગ્યું. શ્વાસોશ્વાસ તીવ્ર થઈ ગયા. બંનેમાં કામ જાગી ગયો. કામાંધ અશ્વનું શુક્રનું સ્ખલન થતા તે જમીન પર પડયું. કામેચ્છા ધરાવનાર અશ્વિનીએ પૃથ્વી પર પડેલા તેજને સૂંઘ્યું.

તેજ સૂંઘતા જ તેની નાસિકામાંથી બે દિવ્ય પુરુષોનો જન્મ થયો. બંને મહાતેજસ્વી હતા. બંનેમાં સૂર્યદેવનું તેજ હતું. બંને ગૌરવર્ણના હતા.

તેને જોઈને જ વિવસ્વત ખુશ થઈને બોલ્યા, ''અશ્વિનીકુમારો ! મારા પુત્રો !''

અશ્વિની બોલ્યા, ''આ બંને મારી નાસિકામાંથી જન્મ્યા છે, આથી તેમનું નામ નાસત્ય. મારા પુત્રો નાસત્ય!''

બંને તેમના પુત્રોને પ્રેમભરી નજરે જોવા લાગ્યા.

પિતાએ ખુશ થઈને વરદાન આપ્યું, ''તમે બંને મૃત્યુલોકમાં જન્મ્યા હોવા છતાં દેવો જ કહેવાશો. તમે દેવોના વૈદ્ય કહેવાશો. અમર બનીને તમે બધા લોકોની સેવા કરશો.''

આ કથા છે દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોના જન્મની.

આ અશ્વિનીકુમારોને અશ્વદેવ પણ કહેવામાં આવે છે. અશ્વિનીકુમારોને આર્યુર્વેદના આદિ આચાર્ય તરીકે ઓળખવામાં આવે છે અને દેવોના વૈદ્ય તરીકે ઓળખાય છે.

પુરાણોની કથા પ્રમાણે અશ્વિનીકુમારોએ ચ્યવન ઋષિના વૃદ્ધ શરીરનું ચર્મ પરિવર્તન કરી યુવાવસ્થા પ્રદાન કરી હતી. વિશલ્યાનો પગ કપાઈ ગયા પછી ધાતુનો પગલ લગાવ્યો હતો. વધ્રિમતી નામની સ્ત્રીનો પતિ નપુસંક હતો, તેમને પુત્રપ્રાપ્તિ કરાવી હતી. બહેરા નાસત્યને શ્રવણ શક્તિ પ્રદાન કરી હતી. વૃદ્ધ ઘોષાને તરુણી બનાવી હતી. આવા તો અનેક આશ્ચર્યકારી ઉપચારો અશ્વિનીકુમારો દ્વારા થયા છે, જેની નોંધ પુરાણોમાં કરવામાં આવી છે.

‘શ્રી ધર્મજીવનગાથા’ મહાપુરુષનું મહાન કલમે કંડારાયેલું જીવનદર્શન

- નિસર્ગ આહીર

મહાસાગર જ આકાશનું પ્રતિબિંબ ઝીલી શકે છે, એ જ રીતે મહાન માણસની કલમ જ મહાપુરુષનું જીવન આલેખી શકે. ‘મહાભારત’ મહાન છે, કેમ કે ભગવાન વ્યાસ દ્વારા લખાયું છે. ‘રામાયણ’ મહાન છે, કેમ કે વાલ્મીકિ દ્વારા રચાઈ છે. વિશાળતાને વિશાળતા જ ઝીલી શકે. આ જ સંદર્ભમાં કહી શકાય કે સદ્‌વિદ્યા પ્રવર્તન અને સર્વજીવ હિતાવહની વૈશ્વિક સુદૃઢ સ્થાપના કરનાર મહાન સંત સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજીના બહુઆયામી અને કલ્યાણકારી જીવનને આલેખતું જીવનચરિત્ર એમના વૈશ્વિક સ્તર પર સમ્માન પ્રાપ્ત કરનાર સંત ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના હસ્તે અક્ષરદેહ પામ્યું, એટલે જ વિશેષ પ્રભાવક બની શક્યું છે.

પવિત્ર સંતના પ્રિય શિષ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી પોતાના ગુરુ જેવી જ પવિત્રતા અને પરિપૂર્ણતાના સથવારે શાસ્ત્રીજી મહારાજના અનેકસ્તરીય વૈવિધ્યપૂર્ણ જીવનને ૪૦૦૦ જેટલાં પૃષ્ઠોમાં ‘શ્રી ધર્મજીવનગાથા’ દ્વારા શબ્દબદ્ધ કરે એ સાંપ્રતની નોંધનીય સાંસ્કૃતિક ઘટના છે. એટલે જ ભારતના શ્રેષ્ઠ સંતો, શ્રદ્ધેય વિદ્વાનો અને પ્રતિષ્ઠિત ઉચ્ચ પદવીધારી રાજકીય પુરુષોની ઉપસ્થિતિમાં એનું રાષ્ટ્રીય કક્ષાનું ભવ્યાતિભવ્ય ગ્રંથાર્પણ થાય, એ યથોચિત અને આવશ્યક એવી ઐતિહાસિક ઘટના ગણી શકાય.

ઉદ્દેશ, વિષય, નિરૂપણરીતિ, ભાષાસજ્જતા સંદર્ભે ઉચ્ચ કક્ષાનું ધર્મકેન્દ્રી સાહિત્યિક વિત્ત હોવાને કારણે આ મહાગ્રંથ ગુજરાતી ભાષામાં ઉચ્ચ સ્થાનનો અધિકારી બની રહે છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની જીવનલીલાની સમાંતરે એક બૃહદ્ કાલખંડ, ધર્મપરક ચેતના, સામાજિક સ્થિતિ, સાંપ્રદાયિક તવારીખ સહિતની બહુઆયામી શબ્દસંપદા તરીકે આ મહાગ્રંથનું સ્થાન બહુમૂલ્ય છે.



એ અર્થમાં ‘શ્રી ધર્મજીવન ગાથા’ માત્ર એક મહાન સંતનું જીવનચરિત્ર ન બની રહેતાં સ્વામિનારાયણ સંપ્રદાયની સાંસ્કૃતિક પીઠિકા બની રહે છે, આજથી સો વર્ષ પૂર્વેની સામાજિક સ્થિતિનો દસ્તાવેજ બની રહે છે. તદુપરાંત પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના જીવનમાં વણાયેલા હજારો વ્યક્તિઓનાં રેખાચિત્રો તરીકે આ મહાગ્રંથ નોંધપાત્ર છે. ‘શ્રી ધર્મજીવન ગાથા’ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ સંલગ્ન સ્થળોનું પ્રવાસવર્ણન બની રહે છે, તેમ ૭૫ વર્ષની ગુરુકુલપરંપરાનો ભવ્ય દસ્તાવેજ પણ બની રહે છે.

‘શ્રી ધર્મજીવન ગાથા’ સાચા અર્થમાં મહાન સંતની સમગ્ર ચેતનાને ઝીલતો મહાન આકરગ્રંથ છે. સદ્‌ગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ગુરુભક્તિ અને સાંપ્રદાયિક સુવાસને જ કેન્દ્રમાં રાખી હોઈને શબ્દેશબ્દમાં પવિત્રતા અને ભક્તિપરક સાત્ત્વિકતાનું અનુરણન સંભળાય છે. એ અર્થમાં આપણે એને સાંપ્રદાયિક ગ્રંથ પણ કહી શકીએ. હા, સંપ્રદાયની ફોરમ સાથેનો સાહિત્યિક રસથાળ છે આ મહાગ્રંથ.

સદ્‌ગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સારા કવિ, પ્રસિદ્ધ લેખક અને ઉત્તમ કથાકાર છે. એમની આ સાહિત્યિક સજ્જતા ‘શ્રી ધર્મજીવન ગાથા’માં શ્રેષ્ઠ રીતે અવતરી હોવાને કારણે નોંધપાત્ર સાહિત્યકૃતિ પણ કહી શકીએ. વળી, એક સદીનો કાલખંડ એમાં હૂબહુ આલેખાયો હોવાને કારણે એનું ઐતિહાસિક મહત્ત્વ પણ વધી જાય છે. આ અર્થમાં ‘શ્રી ધર્મજીવન ગાથા’ એકાંગી નહિ પણ સર્વાંગી બની જાય છે. એક જ વ્યક્તિને કેન્દ્રમાં રાખીને આટલો બૃહદ્ મહાગ્રંથ લખવો એ કોઈ અલૌકિક દિવ્ય શક્તિનું વરદાન જ માની શકાય.

સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની અનેક શક્તિ અને પ્રતિભાના ફલરૂપે અવતરિત થયેલ આ જીવનચરિત્ર નિમિત્તે આપણને લેખક પૂજ્ય સ્વામીજીનાં અન્ય પાસાંઓ વિશે પણ આદર થાય છે. તીવ્ર યાદશક્તિ, બહોળો જનસંપર્ક,

હરિભક્તો સાથેનો આત્મીય સંબંધ, સંતમંડળ સાથેની ભક્તિમય ગાઢ પ્રીતિ, દરેકના જીવનનાં સઘળાં પાસાંઓની વિશષ્ટ માહિતી, ઈત્યાદિથી આ મહાગ્રંથ જીવંત-રસમય અને પ્રતીતિકર બની રહ્યો છે.

સદ્‌ગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની કવિ તરીકેની કલ્પનાશક્તિ, લેખક તરીકેની નિરૂપણશક્તિ અને કથાકાર તરીકેની કથનકલાની રસાળતાનો આ ગ્રંથને લાભ મળ્યો છે. પૂજ્ય સ્વામીની યાદશક્તિ ખૂબ તેજ છે અને નિરીક્ષણશક્તિ સૂક્ષ્મ છે. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજીની નિશ્રામાં રહીને એમણે પોતાના ગુરુને એમની અખિલાઈમાં જોયા છે, અનુભવ્યા છે. પ્રત્યક્ષ દર્શન અને અન્ય વ્યક્તિઓએ કહેલી ગુરુના જીવનની વિગતોનો એક વ્યાપક શબ્દરાશિ એમની પાસે છે. શાસ્ત્રીજી મહારાજની જન્મ પૂર્વેની માહિતીથી લઈને અક્ષરવાસ સુધીની ઝીણામાં ઝીણી વિગતો પૂજ્ય સ્વામીજી પાસે છે. કદાચ કેટલીક કડીઓ ખૂટતી હશે તો તે માટે સ્વામીજીએ એને જોડી આપવા ભારે શ્રમ લીધો હશે.

સમગ્ર ભારતીય પરંપરામાં વિશિષ્ટ કર્મ થકી આગવો પ્રભાવ પાડનાર પોતાના ગુરુનું કશું જ છૂટી ન જાય એવી કાળજી, ચીવટ પૂજ્ય સ્વામીજીએ રાખી છે. માત્ર જીવનચરિત્ર લખવું એ સ્વામીજીનો ઉદ્દેશ નથી જ, કિન્તુ વિરાટ પ્રતિભા ધરાવતા પોતાના ગુરુની સંત તરીકેની વિશાળતાને યથાતથ ઝીલીને ગુરુમહિમાનું ગાન કરી શકાય તે માટેની પ્રેમભક્તિમય શબ્દસાધનાને સર્વ સમક્ષ લોકભોગ્ય રીતે વહેતી મૂકવી તે છે. ઉત્કટ ભક્તિ, શ્રદ્ધા, તપ, નિષ્ઠા અને ગુરુ પરત્વેના અસીમ પ્રેમ વગર આટલું બૃહદ્ અને બહુઆયામી જીવનચરિત્ર લખાવું શક્ય જ નથી. નિઃશંક કહી શકાય કે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'શ્રી ધર્મજીવન ગાથા'નું અનેકસ્તરીય મહત્ત્વનું પ્રદાન છે.

ભારતની આઝાદી સાથે જ ભારતીય પ્રણાલી અનુસારની વિદ્યાપ્રવૃત્તિને પુનઃ સ્થાપિત કરવાની એક નોંધપાત્ર ઘટના બની. સદ્‌વિદ્યા પ્રવર્તનના ઉદ્દેશથી શાસ્ત્રીજી મહારાજે ૧૯૪૭માં રાજકોટમાં સ્વામિનારાયણ ગુરુકુલની સ્થાપના કરી. ભારતીય શિક્ષણક્ષેત્રે આ એક બહુ જ મહત્ત્વનું સોપાન છે. શિક્ષણની સાથેસાથે યોગવિદ્યા, ધર્મપરક સ્વાધ્યાય, સેવાપૂજા, પ્રાર્થના, ધ્યાન, શિસ્ત, સાદગીને વણી લેવામાં આવ્યાં. ગુરુકુલમાં જ ગૌશાળા હોય, વિશાળ બગીચો હોય, સાંપ્રદાયિક મૂલ્યો સાથે જ નવી દિશાને અપનાવતા સંતોનું સતત માર્ગદર્શન હોય અને ઉત્તમ શિક્ષકો હોય, તો સ્વાભાવિક રીતે જ ગુરુકુલની પ્રાચીન પરંપરાનું જતન થાય. છતાં આશ્ચર્યની વાત તો એ છે કે સંપૂર્ણ સગવડો આપીને રોજનો માત્ર એક રૂપિયો શુલ્ક લઈને વિદ્યાર્થીને તમામ ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવાની નેમ શાસ્ત્રીજી મહારાજે રાખી હતી.

તેઓશ્રીએ કદીય કોઈ પાસે હાથ ન લંબાવવાનું અયાચક વ્રત આજીવન પાળેલું. આવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ તેઓશ્રીને અનેક કષ્ટો સહન કરવાનાં આવ્યાં. કિન્તુ સાત્ત્વિક અને ઉમદા ઉદ્દેશોને કારણે સતત મદદ મળતી રહી અને દાનપ્રવાહ પણ ચાલુ રહ્યો. કોઈ પણ જ્ઞાતિબાધ વગર, ગામડાના ગરીબ વિદ્યાર્થીને પોસાય તે રીતે વિદ્યાદાન આપવાની પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની નેમને કારણે ગુરુકુલનું વટવૃક્ષ સતત વિસ્તરતું ગયું. આવી વિદ્યાકીય પ્રવૃત્તિની સાથેસાથે જ ધર્મસભાઓ, કથાઓ, મંદિરોનું નિર્માણ, સર્વરોગનિદાન કેમ્પ, હોસ્પિટલની સ્થાપના, આપત્તિગ્રસ્ત લોકોની સેવાસહાય, સ્પેશિયલ ટ્રેનયાત્રા, વિદેશમાં સત્સંગપ્રવાસ, વિદેશીઓને ભારતીય સંસ્કૃતિ પ્રતિ વાળવાનો યત્ન, બ્રહ્મસત્ર-જ્ઞાનસત્રનાં આયોજન એમ અનેક મહત્ત્વની પ્રવૃત્તિઓ કરીને વ્યાપક પ્રમાણમાં સંસ્કારસિંચનનું કાર્ય કર્યું. હજારો વિદ્યાર્થીઓમાં સાત્ત્વિક જીવનના દીપ પ્રગટાવ્યા અને અનેક સાત્ત્વિક સજ્જ શિષ્યરૂપ સંતમંડળ ઊભું કર્યું. લાર્જર ધેન લાઈફ એવું વિરાટ વ્યક્તિત્વ ધરાવતી પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની સંતપ્રતિભાને એમનાં તમામ પાસાંઓ સમેત રસાળ રીતે આલેખીને લેખક તરીકે પૂજ્ય સ્વામીજીએ મહત્ અક્ષરકર્મ કર્યું છે.

કેળવણીક્ષેત્રે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનું પ્રાચીન પરંપરાનું શિક્ષણ આપવાનું નોંધનીય, મહત્ત્વનું અને ક્રાંતિકારી વિરાટ પગલું હતું. પરંતુ, એના મૂળમાં તો સ્વામીજીની પ્રતિભા અને શ્રદ્ધાનો દૃઢ પાયો રહેલો છે. જીવનચરિત્રના લેખક પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીએ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની ગુરુકુલપરંપરાની વિદ્યાકીય પ્રવૃત્તિઓ છે તે સિવાયની જે અનેક ધર્મભક્તિમય શક્તિઓ, બહુવિધ કાર્યક્ષમતાઓ, વહીવટી કુશળતાઓ, સાંપ્રદાયિક ખેવનાઓ, સાત્ત્વિક પ્રતિભા છે એનું યથાતથ આલેખન કરીને તેઓશ્રીને તેમની સમગ્રતામાં અવતરિત કર્યા છે.

'શ્રી ધર્મજીવન ગાથા' અનેક રીતે વિરલ અને વિલક્ષણ જીવનચરિત્ર છે. ૬ ભાગમાં ૪૦૦૦થી વધારે પૃષ્ઠોમાં પ્રકાશિત આ મહાગ્રંથમાં પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીએ પોતાના ગુરુની સાર્વત્રિક વ્યક્તિમત્તાને શબ્દરૂપ આપ્યું છે. સતત ૭ વર્ષ સુધી

લેખનકર્મ ચાલ્યું. આ લેખન એટલે શબ્દદેહે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના અવતારકર્મને 'અક્ષરદેહ' આપવાની ભક્તિપરક સાધના. વ્યક્તિલક્ષી, જીવનલક્ષી તથ્યો તો એમાં છે જ છે, તદુપરાંત પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની પ્રતિભા અને પ્રતિમાના શૃંગારરૂપ અનેક તથ્યોની વિશદ છણાવટ છે. એ બધું જ્યારે સમગ્રતામાં જોઈએ ત્યારે આપણી સમક્ષ એક વિરાટ સંતવિભૂતિની સાર્વત્રિક પ્રતિમા રચાય છે. વ્યષ્ટિને સ્પર્શતા સંતનું જીવન પણ ખંડિત કે અલ્પ હોય તે કેમ ચાલે? વિરાટ વ્યક્તિત્વને અવતરિત કરવા માટે વિપુલ અને વૈભવી શબ્દરાશિ આવશ્યક છે એ લેખક તરીકે પૂજ્ય સ્વામીજી જાણે છે, એટલે એમણે લીધેલો શ્રમ સર્વ ભાવકો માટે તો જાણે પ્રત્યક્ષ દર્શનની અનુભૂતિનો મહામૂલો અવસર જ છે!

કુલ ૬ ભાગમાં વિસ્તરેલું આ બૃહદ્ જીવનચરિત્ર વિવિધ અને વિલક્ષણતાઓથી સભર છે. પહેલા ભાગમાં ૧૭૬ પ્રકરણો છે. એમાં પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના જીવનસંદર્ભે વર્ષ ૧૯૦૧થી ૧૯૪૭ સુધીનો સમયખંડ વિસ્તારપૂર્વક આવરી લેવામાં આવ્યો છે. મુખ્યતઃ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના પૂર્વજીવનની પીઠિકા અહીં કેન્દ્રસ્થ છે. બીજા ભાગમાં ૧૬૭ પ્રકરણો છે, જે ૧૯૪૮થી ૧૯૭૧ના કાલખંડને સમાવે છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના ગુરુકુલસંબંધી પ્રયત્નો અને પરિણામો એમાં મુખ્ય રૂપે નિરૂપિત થયાં છે. ૧૭૫ પ્રકરણ ધરાવતા ત્રીજા ભાગમાં ૧૯૬૯થી ૧૯૭૮ સુધીના કાલખંડની પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની વિવિધ પ્રવૃત્તિના વ્યાપને સમાવિષ્ટ કરવામાં આવ્યો છે.

ચોથા ભાગમાં ૧૯૭૯થી ૧૯૮૫ સુધીનો કાલખંડ છે અને એમાં મુખ્યતઃ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના વિદેશપ્રવાસની સૂક્ષ્મ બાબતોનું આલેખન છે. ૧૫૫ પ્રકરણમાં વિસ્તરેલા પાંચમા ભાગમાં પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના અંતિમ બે વર્ષનું, એટલે કે ૧૯૮૫થી ૧૯૮૭ સુધીનું, અક્ષરવાસ સુધીનું જીવન બૃહદ્ પરિપ્રેક્ષ્યમાં શબ્દાંકિત થયેલું છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના જીવન સાથે સંકળાયેલા, સ્વામીજીના અંતેવાસી એવા સંતો, પાર્ષદો, હરિભક્તો, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓની સાથેસાથે દક્ષિણ અને ઉત્તર ભારતનાં તીર્થધામોની સર્વાશ્લેષી વિગતો છઠ્ઠા ભાગમાં ૧૦૮ પ્રકરણમાં વિસ્તારથી આલેખવામાં આવી છે.

દરેક ગ્રંથની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વની છે. ભારતના પ્રસિદ્ધ સંતો, વિદ્વાનો, સાક્ષરો અને સાહિત્યકારોએ આ મહાગ્રંથ અને પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીના લેખનકાર્ય વિશે પ્રસ્તાવનામાં ભારોભાર પ્રશંસા કરી છે. પદ્મભૂષણથી આભૂષિત સ્વામી સચ્ચિદાનંદ, પદ્મશ્રીથી પુરસ્કૃત કુમારપાળ દેસાઈ, જન્મભૂમિ ગ્રુપના સી.ઈ.ઓ. કુંદન વ્યાસ, ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ અને લેખક પી. કે. લહેરી, સુપ્રસિદ્ધ કવિ માધવ રામાનુજ, ખ્યાતનામ વક્તા અને લેખક જય વસાવડાના શબ્દોથી 'શ્રી ધર્મજીવન ગાથા'નાં સમુચિત સકારાત્મક પોંખણાં કરવામાં આવ્યાં છે એ પણ ખૂબ મહત્ત્વની સાહિત્યિક ઉપલબ્ધિ ગણાય.

પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રગણ્ય સંત છે એમ કહેવાથી એમની ઓળખ અધૂરી રહે છે. કાશીના વિદ્વાનો પાસેથી સંસ્કૃત સાહિત્ય અને વૈદિક સાહિત્ય સમેતની ભારતીય ચેતનાનો અભ્યાસ પૂર્ણ કરનાર સ્વામીજી ભારતીય દર્શન, વૈદિક જ્ઞાન, પૌરાણિક સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના શ્રદ્ધેય અભ્યાસી બની રહ્યા અને આજીવન ભારતીય સાહિત્યિક-સાંસ્કૃતિક ચેતનાના ઉપાસક રહ્યા. સાંપ્રદાયિક ધારામાં તો એમનું જ્ઞાન અગાધ છે જ, પરંતુ પારંપરિક ઊર્જાને એની સમગ્રતાસમેત સ્વામીજીએ આત્મસાત્ કરી છે. તેઓશ્રીની આ વિદ્વતા, સજ્જતા અને ભારતીય ચેતનાની વ્યાપકતાના મર્મજ્ઞ તરીકેની પ્રતિભાથી સમગ્ર ભારતમાં અને વિશ્વમાં ભારતીય સંતપરંપરાના શ્રદ્ધેય પ્રતિનિધિ તરીકે સદાય વંદનીય રહ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાયની સાથેસાથે હિંદુ ધર્મના તેઓશ્રી વૈશ્વિક સ્તરના મર્મજ્ઞ સંત તરીકે સર્વત્ર પૂજનીય છે. પૂજ્ય સ્વામીજી આ સાર્વત્રિક છબિથી જ્ઞાત હોઈશું તો જ તેઓશ્રીએ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ અર્થે કરેલું અક્ષરકર્મ જાણી શકાશે, પ્રમાણી શકાશે. પૂર્વે જોગી સ્વામીનું ચરિત્ર આલેખનાર, સાંપ્રદાયિક સાહિત્યનો આસ્વાદ કરનાર, કાવ્યરચના કરનાર અને કવિ તરીકે આદર પામનાર, વિશ્વભરમાં ઉત્તમ વક્તા તરીકે પોંખાનાર, શ્રેષ્ઠ કથાકાર, દીર્ઘદ્રષ્ટા કેળવણીકાર, સાત્ત્વિક નિસબતથી વ્યાપક સેવાકીય પ્રવૃત્તિ કરનાર પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીની વિશ્વસ્પંદ ઝીલતી પ્રતિભાને કારણે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનું વ્યાપક જીવનચરિત્ર એની તમામ વિશેષતાઓથી આલેખી શકાયું છે. અનેકાંગી જીવનચરિત્ર એમના લેખકની બહુઆયામી પ્રતિભાનું પરિચાયક છે એ નોંધવું ખૂબ જરૂરી છે.

પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી સ્વામિનારાયણ સંપ્રદાયની મર્યાદામાં રહીને પણ વૈશ્વિક સ્પંદ, સમસામયિક આવશ્યકતાઓ, વર્તમાન સ્થિતિને

આત્મસાત્ કરીને સમયાનુરૂપ પરિવર્તનને આવકારતા પ્રયોગશીલ સંત રહ્યા છે. તેઓશ્રી જડબેસલાક જડતાના નહિ પણ ચેતનવંત સકારાત્મક મુક્તિના હિમાયતી છે. જડ રૂઢિઓને બદલે સાત્ત્વિક નાવીન્યનો હંમેશાં સ્વીકાર કર્યો છે. એટલે જ પ્રાચીન મૂલ્યો સાથે અર્વાચીન સત્ત્વનો સમાદર તેઓશ્રીનામાં સમાનપણે પામી શકાય છે. એસ.જી.વી.પી. જેવું વિશ્વકક્ષાનું ગુરુકુલ, દર્શનમ્ સંસ્કૃત પાઠશાળા, રીબડા ગુરુકુલ કે બહેનો માટેનું દ્રોણેશ્વર ગુરુકુલ પૂજ્ય સ્વામીજીની પવિત્ર ઉદેશથી પરિપ્લાવિત બનેલી દીર્ઘદૃષ્ટિનાં સુફળ છે. આ સદ્‌ગુરુનું તેજસ્વી, સેવાપરાયણ, કર્તવ્યનિષ્ઠ એવા અનેક શિષ્યોસ્વરૂપ ઓજસ્વી સંતમંડળ છે, જે પવિત્ર નંદસંતોના સંતવૃંદની પ્રતીતિ કરાવે છે. શિક્ષણની સમાંતરે સામાજિક ઉત્થાનમાં, સેવાઓમાં પૂજ્ય સ્વામીજીની દોરવણી નીચે આ સંતો અનેકવિધ ક્ષેત્રે વ્યાપક પ્રદાન કરી રહ્યા છે જે આપણા સમયની નોંધનીય ઘટના છે.

સહજાનંદ સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાહિત્યસર્જનને ખૂબ મહત્ત્વ આપ્યું છે. ગુજરાતી સાહિત્યના ઘડતરમાં નંદસંતોનું ખૂબ મોટું પ્રદાન છે. એ જ પ્રેરણા અને પરંપરાનું શ્રદ્ધેય વાઙ્મયવહન પૂજ્ય સ્વામીજી કરી રહ્યા છે. પૂજ્ય સ્વામીજીનું સાહિત્યપ્રદાન અને વિવિધતા પર એક દૃષ્ટિપાત કરવાથી ખબર પડશે કે પૂજ્ય સ્વામીજીએ શબ્દને કેટલી રીતિએ, કેવાં કેવાં સ્વરૂપોમાં સેવ્યો છે. પૂજ્ય સ્વામીજીનું સાહિત્યસર્જન આ પ્રમાણે છે : ઈઝરાયલની ધર્મયાત્રા, કીર્તનની કુંજગલી, જોગી ચલો આપણે ગામ, જોગીસ્વામીની જીવનગાથા (ગુજરાતી, અંગ્રેજી), પુલહાશ્રમની પાવન યાત્રા, હનુમંતચરિત્ર, સદ્‌ગુરુગાથા (ભાગ ૧, ૨), સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું સ્થાન (ગુજરાતી, અંગ્રેજી), નંદ સંતકવિઓ, ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા (ભાગ ૧, ૨), દેવભૂમિ તિબેટ, વચનામૃત ભૂમિકા (ગુજરાતી, સંસ્કૃત).

શબ્દની આવી વિશાળ સાધના કરનાર પૂજ્ય સ્વામીજીની લેખનરીતિ જોતાં એવું લાગે કે સ્વયં શબ્દે સ્વામીજીની પસંદગી કરી છે. મા શારદાની વિશેષ કૃપાને કારણે જાણે કે આપણને નંદ સંતકવિઓનું અનુસંધાન થતું અનુભવાય છે.



લેખક તરીકેની પૂજ્ય સ્વામીજીની અનેક શક્તિઓની, સર્જકપ્રતિભાની આ 'શ્રી ધર્મજીવનગાથા' મહાગ્રંથમાં આપણને સતત પ્રતીતિ થતી રહે છે. ભૂતકાળને સજીવન કરવાની, કલ્પનાશક્તિથી તાદૃશ કરવાની, વર્ણનો દ્વારા આબેહૂબ જે તે પ્રસંગને નિરૂપવાની સ્વામીજીની શક્તિ કેવી તો પ્રશસ્ય છે તેને એક નાનકડા ખંડ દ્વારા જાણીએ :

"વિ.સં. ૧૯૭૨ના મહા સુદી બીજને શનિવારનો દિવસ હતો. સવારની શણગાર આરતી થઈ ચૂકી હતી. સ્વામી નારાયણદાસજી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી, યુવાન ઉંમરના સ્વામી માધવપ્રસાદદાસજી વગેરે સેવક સંતો સ્વામીની આસપાસ એકઠા થયા હતા.

જૂનાગઢ મંદિરના ચોકમાં હરિભક્તો આ'તા નહોતા. ધૂન, ભજન, સ્મરણ ચાલુ હતાં. મંદિરનો ગુણાતીત સભામંડપ પણ સંતો અને હરિભક્તોથી હકડેઠઠ ભર્યો હતો.

થોડી વાર થઈ ત્યાં આચાર્ય મહારાજશ્રી પધાર્યા. એક ખુરશી પર તેઓ બિરાજમાન થયા, બીજી ખુરશી ઉપર સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી બિરાજમાન હતા.

થોડી વાર થઈ એટલે સ્વામી બાલમુકુંદદાસજીએ આચાર્ય મહારાજશ્રીને ધીમે રહીને કહ્યું : 'બાપજી ! હવે મારે ધામમાં જવાનો સમય થયો છે. શરીર છૂટ્યા પછી શરીરને સ્પર્શ કરવાથી તમને સૂતક લાગે, સબોળ સ્નાન કરવું પડે, તમારી આ પાઘ અને વસ્ત્રો પણ ધોવાં પડે, માટે આપ ઉતારે પધારો અને સ્નાનનાં સાદાં વસ્ત્ર પહેરી પાછા આવો.'

સ્વામીના કહેવાથી આચાર્ય મહારાજશ્રી વસ્ત્ર બદલવા ઉતારે પધાર્યા અને થોડી વારમાં સ્નાનનાં વસ્ત્રો પહેરી પાછા આવી ગયા." (ભાગ ૧, પૃ. ૬૭)

એ જ રીતે લેખક તરીકે સ્વામીજીની દૃષ્ટિ અને મેધા સર્વત્ર ફરી વળી. દેશ-વિદેશની આખી એક સૃષ્ટિ રચી આપી છે આ મહાગ્રંથમાં. ભૂતકાળને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે એમણે જીવંત કરી દીધો છે. સ્મૃતિથી, કલ્પનાથી, પ્રત્યક્ષ દર્શનની સહાયથી પૂજ્ય સ્વામીજીએ સંવાદો અને સ્થિતિ સાથે જે તે પ્રસંગને જીવંતતા અર્પી છે. પૂજ્ય સ્વામીજી સ્થળકાળના સીમાડાનો લોપ કરી આપણને પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની સન્મુખ કરી દે છે. ઉદાહરણરૂપે આ પ્રસંગ જોઈએ તો જણાશે, કે આપણે એ પ્રસંગના સાક્ષી જ છીએ ! :

"રસ્તામાં ભડિયાદ ગામ આવ્યું. ગામના પાદરમાં સ્વામીએ ગાડી ઊભી રખાવી. પાદરમાં કેટલાક લોકો બેઠા હતા. સ્વામીએ એમાંથી એકને બોલાવ્યા અને કહ્યું : 'ગામમાં કાનજીબાપા રહે છે. એને ઓળખો છો?'

પેલા ભાઈએ કહ્યું : 'સ્વામી ! કાનજીબાપાને તો આખું ગામ ઓળખે છે. એ તો અમારા ગામનું ઢાંકણ છે.'

સ્વામીએ કહ્યું : એમને અમારા સમાચાર આપશો?'

પેલા ભાઈએ કહ્યું : 'હા, સ્વામી! જરૂર આપીશ.'

સ્વામીએ કહ્યું : 'એમને કહેજો, રાજકોટ ગુરુકુલવાળા શાસ્ત્રી સ્વામી ધોલેરા દર્શને ગયા છે, થોડી વારમાં પાછા વળશે. કાનજીબાપા પાદરે આવે અને અમને મળે.' આટલું કહી સ્વામીએ ધોલેરાની વાટ લીધી.

ધોલેરા દર્શન કરી સ્વામી તુરંત પાછા વળ્યા ત્યાં સાંજ પડવા આવી હતી. આ બાજુ કાનજીબાપાને સ્વામીના સમાચાર મળ્યા. એમને શરીરે તાવ હતો. પોતે પથારીવશ હતા, પણ સ્વામીના સમાચાર મળતાં એમના શરીરમાં નવી ઊર્જાનો સંચાર થયો. પોતે જેનું મનમાં રટણ કરતા હતા એ જ સદ્‌ગુરુ સામે ચાલીને પધારી રહ્યા છે. એ જાણીને એમના અંતરમાં આનંદનો પાર રહ્યો નહીં." (ભાગ ૩, પૃ. ૧૧૩).

આવાં દૃષ્ટાંતો તો પાનેપાનેથી સામે ધરી શકાય. પૂજ્ય સ્વામીજી જે તે પ્રસંગ કે પાત્ર કે પરિસ્થિતિને રસાવહ રૂપ આપીને કથાવેગમાં તીવ્રતા સિદ્ધ કરે છે. વળી, પ્રતીતિકર સંયોજન આપણામાં સતત શાબ્દિક શ્રદ્ધાનું આરોપણ કરે છે. નવેનવ રસ યથાવકાશ અનુભવાય છે. રમૂજ, રૂપક, નાટ્યાત્મક વળાંકોમાં એક પ્રકારનું આકર્ષક ખેંચાણ છે. ચમત્કારની કક્ષાએ પ્રસંગને લઈ જઈ આપણી બુદ્ધિનું પણ તેઓ સંમાર્જન કરતા રહે છે. શ્રદ્ધા અંધશ્રદ્ધા ન બની જાય, ભક્તિમય વિશ્વાસ નર્યો અગમ્ય ચમત્કાર ન બની જાય તેની પણ કેટલી બધી કાળજી સ્વામીજીએ લીધી છે. સ્વાભાવિક છે કે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ જેવા પુણ્યશ્લોક અને પવિત્ર સમર્થ સંત સાથે ચમત્કારનું તત્ત્વ સાહજિક રીતે ગૂંથાયેલું હોય. પૂજ્ય સ્વામીજીએ એવા પ્રસંગોના નિરૂપણમાં એક પ્રકારની બુદ્ધિગ્રાહ્ય સમતુલા જાળવી છે.

'શ્રી ધર્મજીવન ગાથા' વાંચતા લેખક પૂજ્ય સ્વામીજીના અનેક ગુણો આપણી નજર સમક્ષ તરવરી રહે છે. પૂજ્ય સ્વામીજીનો સૌથી મોટો ગુણ તો હૂબહુ ચરિત્રનિર્માણ કરવા સંદર્ભે છે. જે તે પાત્રને તેઓ જીવંત હોય એ રીતે આલેખે છે. આપણને સંતો, હરિભક્તો ઈત્યાદિનું તાદૃશ દર્શન થયા કરે જાણે. સ્વામીજીએ આંકેલાં આવાં શબ્દચિત્રોથી સમગ્ર ગ્રંથ રળિયાત થયો છે. તેઓશ્રીની વર્ણનશક્તિ અદ્‌ભુત છે. પાત્ર, પ્રસંગ, સ્થળનું પૂજ્ય સ્વામીજીએ કરેલું વર્ણન આપણને પ્રત્યક્ષતાનો અનુભવ કરાવે છે. કોઈ ચિત્ર કે વ્યક્તિને સાક્ષાત્ જોતાં હોઈએ એવો અહેસાસ થાય છે. પૂજ્ય સ્વામીજીની સંવાદકલા પણ અદ્‌ભુત છે. નિજી કલ્પનાશક્તિને કારણે તેઓશ્રીએ પાત્રોપાત્રો વચ્ચેના રચેલા સંવાદો જાણે કે આપણને સાચુકલા ધ્વનિરૂપે સતત સંભળાયા કરે છે. વળી, પૂજ્ય સ્વામીજી નાટ્યાત્મક રીતે જે તે પ્રસંગને બહેલાવે છે, એટલે વિવિધ રસ સાતત્યપૂર્વક નિષ્પન્ન થતા રહે છે અને કથાપ્રવાહ રમણીય બની રહે છે.

ભલે આ મહાગ્રંથને જીવનચરિત્ર એવું નામ આપીએ, વસ્તુતઃ એક મહાનવલ જેવો અનુભવ પાનેપાને થાય છે. ઉત્તમ કથાકાર તરીકેની, વક્તા તરીકેની પૂજ્ય સ્વામીજીની શક્તિ સુપેરે અહીં ધસમસતો કથારસ બની રહે છે. તેઓશ્રી પાત્ર, પ્રસંગ, પરિસ્થિતિ, સ્થળ, કાળને એટલા રસપૂર્વક બહેલાવે છે કે આપણે કોઈ રસાળ નવલકથા વાંચતા હોઈએ એવી પ્રતીતિ થયા કરે. કથાપ્રવાહ એટલો તો તીવ્ર હોય કે એકવાર ગ્રંથ હાથમાં લીધા પછી એને છોડવો મુશ્કેલ છે. એક ઘટનામાંથી બીજી ઘટના, એક પાત્ર પરથી બીજા પાત્રમાં રસપૂર્વક પ્રવેશ થતો રહે છે. આવા જે અંકોડા સહજ રીતે મળતા રહે છે એને કારણે રસ જળવાઈ રહે છે. ભાષાની બળકટતા અને સાદગીપૂર્ણ સર્જનાત્મકતા સ્પર્શી રહે છે. ઉચિત અલંકારો દ્વારા ભાવઘનતા દૃઢ બને છે.

જો એક જ વાક્યમાં કહેવું હોય તો એમ કહી શકાય કે 'શ્રી ધર્મજીવન ગાથા' અનેક રસસ્થાનો ધરાવતો વેગવંત અને પ્રતીતિકર ધસમસતો રમણીય કથાપ્રવાહ છે. કેટલાંક પ્રકરણો તો સ્વતંત્ર નવલિકા હોય એવાં સાહિત્યિક ગુણવત્તાવાળાં છે. જે રીતે કથારસ વેગવંત છે તે જ રીતે નાટ્યાત્મક ક્ષણો પણ અનેક છે. એ અર્થમાં નવલિકા, નવલકથા, નાટક, રેખાચિત્ર, પ્રવાસનિબંધ, ચરિત્ર એવી અનેક ખૂબીઓ એક સાથે જ આ મહાગ્રંથમાં પામી શકાય છે. એક સાહિત્યકૃતિ તરીકેની આ વિશેષતાઓ, વિશિષ્ટતાઓની નોંધ લેવી જ રહી. જો રસપ્રદ આલેખન ન હોય તો ૬ ખંડમાં વિસ્તરેલો આટલો બૃહદ્ ગ્રંથ વાંચે કોણ? કોઈ પણ વાચકને પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રની સમાંતરે જ રસાનંદમય એવી સાંપ્રદાયિક, સાંસ્કૃતિક, સામાજિક, વિદ્યાકીય, ધાર્મિક સૃષ્ટિનો રસથાળ સતત પમાતો રહે એવું આ ગ્રંથનું આયોજન છે. લેખક તરીકે

અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર

જૂના સંતોની રીતડી....!

કીર્તિભાઇ ઘોળકીયા

જૂના સંતો જીવન જીવી, જીવાડતા શીખ્યા હતા... વર્તન શીખ્યા હતા... આજ્ઞા પાળવાનું શીખ્યા હતા ! ભગવાનને પ્રેમ કરતા શીખ્યા હતા...!

તેમનામાં ઝાઝું જ્ઞાન ન હતું, વાચાળ ન હતા, ભણેલા ન હતા, છતાં પણ તેઓ સત્સંગ કરાવી જાણતા. તેમનામાં વર્તન હતું અને તે વર્તન જ વાતો કરતું. ઉમદા, નિયમબદ્ધ વર્તનથી, અડગ બ્રહ્મચર્યના પ્રતાપે તેઓ જંગ જીતી જતા. તેમનામાં પ્રભુ પ્રત્યે અડગ શ્રદ્ધા, ધીરજ, આજ્ઞાપાલકતા અપાર હતી. કહો કે મૂઢપણે આજ્ઞા પાળતા. તેમ છતાં તેઓ ધાર્યું નિશાન પાડી શકતા. ભલભલા ચમરબંધી કે ભણેલી વ્યક્તિને સત્સંગ કરાવી શકતા. તેના ભવબંધન છોડાવી શકતા. તેને નિષ્કામી કરી શકતા, તેવું તેમનું ભજન અને વર્તન હતું. કેમકે તે સમયે તેમને પ્રગટ પ્રભુનો યોગ હતો, તેથી તેમને આવું બળ રહેતું. શ્રીહરિએ તમામ સંતોમાં આવું સામર્થ્ય આપેલું. જેથી તેમનો વૈરાગ્ય, તપ, ધીરજ, ભજન, સહનશીલતા, નિયમપાલનની દૃઢતા વગેરે સદ્‌ગુણો દૃઢ રહેતા.

જેમ ચુંબક હોય તો લોખંડ તેના પર આકર્ષાઈ ચુંબકને ચોંટી જાય. પછી તે લોખંડમાં ચુંબકના ગુણ આવી જાય. પછી તે લોખંડને બીજું લોખંડ અડાડો તો તે પણ ચોંટી જાય. તેમ પરંપરામાં ગુરુના સદ્‌ગુણો તેના શિષ્યોમાં આવતા હોય છે. જો શિષ્ય સંપ્રદાયના સારધાર નિયમો પાળે, પ્રભુમાં આસક્તિ રાખે, તો ગુરુના તમામ સદ્‌ગુણો શિષ્યમાં આવે છે. શિષ્ય સાવધાન હોય તો આવું બને.

આપણી ગુણાતીતાનંદ સ્વામીની પરંપરામાં આપણા વડગુરુ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ નાનપણમાં સમર્થ સંત શ્રી બાલમુકુંદદાસજી સ્વામી પાસે વર્તમાન ધારણ કરેલા. પછી પૂજ્ય ધર્મજીવનદાસજી સ્વામીના ગુણો તેમની શિષ્ય પરંપરામાં આવ્યા. શાસ્ત્રીજી મહારાજ ઘણીવાર કહેતા કે, 'મારે આમ હાથ લાંબો કરું તો મહારાજને અડી જાય.' એટલે જ ગુરુકુલના સંતોમાં આટલું ભજન, આટલી ત્યાગભાવના, આટલું સમર્પણ અને આટલું સામર્થ્ય આવેલું છે જે નિઃશંક વાત છે.

તેથી પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના તમામ સદ્‌ગુણો પૂજ્ય મુગટ સ્વામીમાં પ્રગટ થયા. મુગટ સ્વામી જ્યારે જૂનાગઢના મહાયજ્ઞ કાર્યમાં પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના પરિચયમાં આવ્યા, તે પહેલાં તો રજોગુણી હતા. પરંતુ સ્વામીના યોગમાં આવ્યા અને તેમનું દાસત્વપણું સ્વીકાર્યું, પછી તેમનું જીવન બદલાઈ ગયું. ગુરુના તમામ ગુણો તેમનામાં આવ્યા.

જૂના સમયમાં સુખ-સગવડના સાધનો અલ્પ હતા. પૈસો પણ ન હતો. સામગ્રી પણ ન હતી. ત્યારે એ સંતો કરકસરપૂર્વક વ્યવહાર ચલાવતા. ચાલશે, ફાવશે, ગમશેની નીતિ અપનાવતા. નાણાંકીય સાધનોના અભાવને કારણે તે સમયે ઉગતા ગુરુકુલમાં લોકોને બહુ શ્રદ્ધા ન હતી, કે શાસ્ત્રીજી મહારાજનાં કાર્યને, તેમના ઉદ્દેશને જે બહુ જાણી શક્યા ન હતા, તે દાનેશ્વરી લોકો અહીં દાનનો પ્રવાહ ન વહેવડાવતા. જૂના સંતોને અયાચક વ્રત હતું, તેથી ભગવાન સિવાય કોઈની પાસે હાથ લાંબો ન કરતાં. હા, પોતાના આયોજનની વાત જરૂર કરતા કે, આ પ્રકારે યજ્ઞ, પાઠ, ભજન કરવું છે. તો તે પ્રમાણે કોઈનું મન વધે તો તે લોકો આગળ આવતા.

ગુરુકુલના પ્રારંભકાળે અલ્પ સાધનો અને નાણાંની અછતને પરિણામે વિદ્યાર્થીઓના દાતણો ધોઈને, તેને સૂકવી તેનો ઉપયોગ ગરમ પાણી કરવા માટે કરાતો.

સાંજના વધેલા રોટલા અણી ઉપર શેકી રાખી મૂકતા અને ભોજન સમયે તેને છાશમાં પલાળીને ખાતા. રૂમાલ, ગાતરિયું કે ધોતી સાંધેલી પહેરતા. ધોતિયાનું ડાંડિયું બનાવી પહેરતા. રૂમાલમાં ધોતિયાના સત્તર સાંધા હોય.

સ્વામીને રાજકોટથી જૂનાગઢ રાધારમણદેવનાં દર્શને જાવું હોય, તો ૫૦ કિમીની મુસાફરી પગપાળા કરતા. હરિભક્તો પાસે હાથ લાંબો ન કરતા. નહીંતર રેલવેની ટિકિટ બે આના જ હતી. વહેલી સવારે પૂજાપાઠથી પરવારી જૂનાગઢ જવા નીકળી જતા. સાંજે પહોંચે. રાતે વિશ્રામ લઈ બીજા દિવસે પગપાળા

નીકળે, તો સાંજે રાજકોટ પહોંચી જતા.

પૂજ્ય જોગી સ્વામી કહેતા કે, 'ઠાકોર જમાડવા માટે સાથે મીઠાવાળા શેકેલા ચણા લીધા હોય. ભૂખ લાગે ત્યારે બંને સાથે જમી લેતા.' લ્યો ! ઉદરપોષણ થઈ ગયું. પેટને ભાડું જ દેવું છે ને ? કેટલી સાદગી ? કેટલી કરકસર ?

રસ્તામાં પણ ભજન કરતા આવે. ભજનની મૂડી ભેગી કરે રાખે.

સ્વામીનો વૈરાગ્યભાવ આકાશે આંબતો, છતાં તેનો બીજો કોઈ દેખાડો નહીં. સાધુ થયા ન હતા ત્યારે પૂર્વાશ્રમમાં બે-ત્રણ ગોઠિયા સાથે સાધુ થવા માટે ભાગેલા. ત્યારે કોઈ ગાડાખેડુએ જોતાં, તેને ગાડામાં બેસી જવા કહેલું. પણ આ અરજણ ન બેઠા. કેમ કે ગાડામાં સ્ત્રી બેઠેલી હતી, તો વર્તમાન લોપાય. આટલી સાવધાની તે સમયથી હતી.

સ્વામી પોતાનાં આયુષ્યના અંતિમ ભાગમાં પૂજ્ય જોગી સ્વામી તથા પૂજ્ય ભક્તિપ્રકાશ સ્વામીને કહેતા કે, 'જોગી ! સમજણો થયો ત્યારથી છેક પૂર્વાશ્રમથી આ દેહને કોઈ સ્ત્રીનો સ્પર્શ થવા દીધો નથી.' અહો ! વૈરાગ્યની ચરમસીમા ! નંદસંતોના જેવો ત્યાગ-વૈરાગ્ય.

જ્યારે પોતે વડતાલ ભણવા ગયા, ત્યારે ભણવાની સાથે રોટલા ઘડવાની સેવા પણ કરવાની હોય. ત્યારે મહારાજનાં ચરણના ચિહ્નો સંભારતા રોટલા ઘડતા અને ૧૬-૧૬ રોટલાની થપ્પી કરતા. એકાદશીએ શિક્ષણ બંધ હોય ત્યારે ઉપવાસ કરતા અને વહેલી સવારથી હરિકૃષ્ણ મહારાજની સામે મંદિરમાં બેસી જતા. તે છેક શયન આરતી સુધી બેસીને એકતારે ભજન કરતા.

નર્મદા તટે ગયા ત્યારે તેમાં સ્નાન કરીને ત્રણ કરોડ મંત્રજપ કરવાનો નિયમ લીધો. નિયમ પૂર્ણ થયો ત્યારે તેની સંખ્યા પાંચ કરોડને આંબી. કેટલું ભજનનું તાન...!

મોટા સંતો ફક્ત એક વાર માધુકરી લેતા. સાંજે જમવાનું નહીં. ઇન્દ્રિયો-અંતઃકરણ પર દમન કરવા માટે આવું કરતા. પૂજ્ય જોગી સ્વામી કહેતા, "સંતોએ સાંજે જમાય નહીં. ભજન સારું થાય."

સંતો ચાતુર્માસ દરમિયાન ભજનના નિયમો લેતા. જેમાં કણિકા વ્રત લેતા. એટલે એક મહિનો ફક્ત ઘઉં શેકીને ખાવાના, એક મહિનો બાજરો, ત્રીજે મહિને કઠોળ એમ ચાર મહિના પૂરા કરતા. શાસ્ત્રીજી મહારાજ કહેતા, "સત્સંગિજીવનમાં જેટલાં વ્રતો કહ્યાં છે, તે તમામ વ્રતો મેં કરેલાં છે. તમામ પ્રકારના ચાંદ્રાયણ વ્રતો, ધારણા-પારણા તો ખરા જ."

પોતાના ગુરુ પૂજ્ય નારાયણદાસજી સ્વામીના ધામગમન બાદ પોતે આજીવન ગળ્યું-ચીકણું ન ખાવાના નિયમો લીધા, જે આજીવન પાળ્યા.

સ્વામીની છેલ્લી અવસ્થામાં પંચ્યાસી વર્ષે શરીર કામ કરતું ન હોય, બીમારી હોય, ત્યારે પણ ઠંડાં પાણીથી જ સ્નાન કરતા. મોટા સંતો ગરમ પાણીનો આગ્રહ કરે ત્યારે કહેતા, "અત્યાર સુધી મેં મહારાજને રાજી કરવા માટે નિયમો પાળ્યા છે, હવે વૃદ્ધાવસ્થામાં મારા શિષ્યમંડળને શિક્ષા આપવા માટે પાળું છું."

સ્વામી બીમાર હોય ત્યારે પણ નિયમમાં બાંધછોડ ન કરતા. તેઓ કહેતા, "ગુરુ સોળ આની પાળે ત્યારે શિષ્ય આઠ આની પાળે." આવો તેમને દેહનો અનાદર અને નિયમપાલનની દૃઢતા હતા.

એટલે તો આપણે કહી શકીએ... 'ગુરુકુલના સંતોમાં નંદ સંતોની ઝાંય પડે છે. સાધુતાની મૂર્તિ સમાન છે.'

અનુસંધાન પેજ નં. ૧૨ ઉપરનું

પૂજ્ય સ્વામીજીની આ પ્રતિભાનું જેટલું મૂલ્ય કરીએ તેટલું ઓછું છે. અનેક રીતે આ મહાગ્રંથ આસ્વાદ્ય છે, રસાનંદની સાત્ત્વિક અનુભૂતિ કરાવનાર છે.

ભારતીય પરંપરાની ગુરુકુલપદ્ધતિ દ્વારા સંસ્કારસિંચન કરીને સદ્‌વિધા પ્રવર્તન કરનારા પૂજ્ય શ્રી શાસ્ત્રીજી મહારાજે છેલ્લા ૭૫ વર્ષમાં લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કર્યું છે. એમના હાથ નીચે જીવન રળિયાત કરનારા વિદ્યાર્થીઓ જે ગુરુની કૃપાથી સાત્ત્વિક વિદ્યા પામ્યા છે, તે ગુરુ કેવા તો મહાન હતા તે જાણવા માટે દરેકે 'શ્રી ધર્મજીવન ગાથા'નું રસપાન કરવું જ રહ્યું. પરમ પાવન સંતનું એવી જ પવિત્રતા ધરાવતા સંતના હાથે થયેલું આ અક્ષરકર્મ કોઈ ધર્મગ્રંથથી કમ નથી.

સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજીની વૈશ્વિક પ્રતિભાના સંસ્પર્શથી થયેલું આ મહાગ્રંથનું શબ્દાવતરણ સર્વના જીવનમાં પ્રકાશ પાથરનારું બનશે એમાં કોઈ શંકા નથી. મહાન માણસનું જીવનચરિત્ર મહાનતા તરફ જ દોરી જતું હોય છે. એમાં પણ જેમણે શબ્દને સાત્ત્વિકતાથી ઉપાસ્યો છે એવા પૂજ્ય સ્વામીજીની કલમે કંડારાયેલા 'શ્રી ધર્મજીવન ગાથા' સંસ્કારની સાથેસાથે સાહિત્યિક ગુણવત્તા થકી ભાવમય પ્રસાદી રસાનંદ અર્પે એ વળી એક અનોખી ઉપલબ્ધિ ગણાય. સાંપ્રદાયિક અને સાહિત્યિક સ્તરે જેનું બહુમૂલ્ય છે એવા આ મહાગ્રંથના મહાનાયક પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ અને મહાન શબ્દકર્મના સાધક સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ! આ શબ્દસુરભિ આપ સૌ વાચકોનું જીવન પલ્લવિત, પુષ્પિત, ફલિત કરે એ જ અભ્યર્થના !

માઇક્રોપ્લાસ્ટી

અનુષ્ઠાનથી ઉત્સવ સુધિની યાત્રા...

ઉંમર સાથે ઢીંચણમાં થતો ઘસારાનો ઉપદ્રવ, જેને લીધે માત્ર શારીરિક જ નહીં પરંતુ માનસિક અને આર્થિક યાતનામાંથી પસાર થવું પડતું હોય છે. આવા સમયે દર્દીને ટોટલ 'ની' રીપ્લેસમેન્ટ એટલે કે ઢીંચણના સાંધાના પ્રત્યારોપણ સર્જરીની સલાહ મળતી હોય છે.

છેલ્લા પચાસ વર્ષોમાં વૈજ્ઞાનિક સંશોધનોથી એ સચોટ રીતે પૂરવાર થયું છે કે, ભારત અને બીજા દક્ષિણ પૂર્વના દેશોમાં લોકોનું નળાનું હાડકું યુરોપ કે એમેરિકામાં વસતા લોકોની જેમ સાવ સીધું ન હોવા છતાં અમુક ડિગ્રીએ અંદરની બાજુ વળેલું હોય છે. જેને લીધે ચાલતી વખતે માત્ર ઢીંચણના અંદરના ભાગમાં વધુ ઘર્ષણ થવાથી ઘસારાની શરુઆત થતી હોય છે. જ્યારે ઢીંચણની બાકીની સપાટી ખૂબ લાંબા સમય સુધી કુદરતી રહેતી હોય છે. આ દરમિયાન ઢીંચણની અંદરની બાજુએ રહેલા સ્નાયુના ચારેય પટ્ટા (લીગામેન્ટસ્) અને બેમાંથી ફક્ત એક જ ગાદીમાં ઘસારો થતો હોય છે જેને કારણે ઢીંચણનું જકડાઈ જવું, સોજો આવવો, લોક થઈ જવું કે રોજિંદા કામમાં દુઃખાવો થવો એવી ફરિયાદ સાથે કેટલાક દર્દીઓ આવતા હોય છે. આવા દર્દીઓ માટે શું 'ની' રિપ્લેસમેન્ટ કરતા વધુ સુરક્ષિત, સફળ અને ઓછી જટિલ હોય તેવી કોઈ શસ્ત્રક્રિયા (સર્જરી) ન હોઈ શકે?

શું હેલ્થ કોન્સિયસ વ્યક્તિ પીડારહિત, સાવ નાના ચેકાથી થતી, નહિવત્ રક્તસ્રાવ અને કસરત વગર, ટૂંકા ગાળામાં કાયમ માટે સારું જીવન ન જીવી શકે?

વૈજ્ઞાનિક સંશોધનોના ઊંડા અભ્યાસ અને માનવીય અભિગમના સંગમથી ઉદ્ભવતી તથા ઉપરોક્ત સવાલના નિરાકરણ સ્વરૂપે વિકાસ પામેલી વિચારધારા એટલે 'માઇક્રોપ્લાસ્ટી.'



૨૦૦૧ થી ૨૦૧૪ સુધી કરેલી અઢળકની 'ની' રીપ્લેસમેન્ટ સર્જરીની આંતરિક મનોમંથનના પરિપાકરૂપે ડૉ. કાર્તિક શુક્લએ માઇક્રોપ્લાસ્ટી સર્જરીનો પાયો નાંખીને માત્ર નવ વર્ષમાં ૪૦૦૦ થી પણ વધુ દર્દીઓને નવજીવન આપ્યું. ભારતમાં સૌથી વધુ માઇક્રોપ્લાસ્ટી સર્જરીનો વિક્રમ સ્થાપનાર, ગોલ્ડ મેડાલીસ્ટ ડૉ. કાર્તિક શુક્લ અમદાવાદ સ્થિત SGVP હોલિસ્ટીક હોસ્પિટલમાં ઓર્થોપેડિક અને જોઇન્ટ રિપ્લેસમેન્ટ શસ્ત્રક્રિયા વિભાગના વડા છે. તેઓ પોતાના બહોળા અનુભવના આધારે એવું દૃઢપણે માને છે કે આપણા દેશમાં અમુક ચોક્કસ વૈજ્ઞાનિક કારણોને લીધે ઢીંચણના ઘસારાનું પ્રમાણ ભલે વધુ હોય, પરંતુ એ જ કારણોના જવાબરૂપે ૭૫ ટકા સાંધાનું સાવ કુદરતી અને ઘસારા વગરનું હોવું એ આશીર્વાદ પણ છે.

કુદરતના આ સંતુલનને સમજવું અને સાચવવું એ માઇક્રોપ્લાસ્ટી સર્જરીની મૂળભૂત વિચારધારા અને તેનું અભિન્ન અંગ છે. આ સર્જરીમાં દર્દીને ઓપરેશન પછી પીડા ન થાય તેની તકેદારીની ભાગરુપે એનેસ્થેટિસ્ટ ડૉ. કલ્પેશ ગોખલાણી અને તેમની ટીમ, સોનોગ્રાફી ગાઇડેડ એફેનસ નર્વ બ્લોક પદ્ધતિનો ઉપયોગ પણ કરે છે. જેથી દર્દી પીડા વગર એ જ દિવસે ઉભા થઈને ચાલી શકે છે તથા એક કે બે દિવસમાં બધી દૈનિક ક્રિયાઓ કોઈપણ મદદ વગર કરી શકે છે અને ઘેર જઈ શકે છે.

એક દસકા પહેલાં આ સારવારની જાગરુકતા ખૂબ ઓછી હતી, પરંતુ ડૉ. કાર્તિક શુક્લ અને તેમની ટીમના અથાગ પ્રયાસોને લીધે ૫૦ ટકા દર્દીઓ ટોટલ 'ની' રિપ્લેસમેન્ટ સર્જરીને ટાળી શકે છે. ઢીંચણની ૬ માંથી ૫ અગત્યની સરંચના જ્યારે સારી રીતે કામ કરતી હોય ત્યારે તેને આજીવન બચાવીને ઘસારાને આગળ વધતો અટકાવી શકાય છે. તે સમજણ મોટા ભાગના દર્દીને કાયમ માટે 'ની' રિપ્લેસમેન્ટથી બચાવી શકે છે. સમગ્ર ગુજરાતમાં દર મહીને ૮૦ થી ૧૦૦ માઇક્રોપ્લાસ્ટી સર્જરીનું સંકલન કરતી એકમાત્ર SGVP હોલિસ્ટીક હોસ્પિટલના ચીફ ઓપરેટીંગ ઓફિસર ડૉ. હિરેન કસવાલા જણાવે છે કે "અમારા માટે માઇક્રોપ્લાસ્ટી એ સામાજિક જાગૃતિ લાવવાનું અનુષ્ઠાન છે. તાજેતરમાં ૫ ઓગસ્ટના રોજ માત્ર ગુજરાત જ નહીં, પણ ભારતના વિવિધ રાજ્યોમાંથી આવનાર દર્દીઓની એક જ દિવસમાં સૌથી વધુ ૧૧ માઇક્રોપ્લાસ્ટી સફળતાપૂર્વક પરિપૂર્ણ થઈ."

સમગ્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે એક દિવસમાં સૌથી વધુ એક સર્જન દ્વારા ૧૧ માઇક્રોપ્લાસ્ટી સર્જરી એક અભૂતપૂર્વ ઘટના છે, અનુષ્ઠાનના ઉત્સવનો દિવસ છે.

સમાચાર દર્શન

જ્ઞાનસત્ર - ૪૬

ગુરુકુલ સંસ્કૃતિના પુનરોદ્ધારક અને ભગવાન શ્રી સ્વામિનારાયણના સંદેશાવાહક તરીકે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલ દ્વારા શિબિરો, બ્રહ્મસત્રો, જ્ઞાનસત્રો, જપયજ્ઞો જેવાં વિવિધ આયોજનો દ્વારા અનેક જીવોને મોક્ષમાર્ગે વાળ્યા. ગુરુદેવનું આ કાર્ય આજે પણ સંપ્રદાય અને સમાજમાં આગવી ભાત પાડી રહ્યું છે. ગુરુદેવનાં એ કાર્યનું એક સોપાન એટલે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદને આંગણે યોજાતો જ્ઞાનસત્ર. ૪૬ વર્ષથી અખંડ વહેતી આ ભાગીરથી અવિરત વહેતી રહી છે. આ વર્ષે તારીખ ૨૯ જુલાઈ થી ૪ ઓગષ્ટ દરમિયાન જ્ઞાનગંગા વહેવડાવતો જ્ઞાનસત્ર યોજાયો.

૨૮ જુલાઈ, જ્ઞાનસત્રના પ્રારંભે પાંચ કલાકનો જપયજ્ઞ યોજાયો, જેમાં અખંડધૂન, મંત્રલેખન તથા અખંડ દંડવત્‌નું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૯ જુલાઈના રોજ બપોર પછી પોથીયાત્રા સાથે જ્ઞાનસત્રનો પ્રારંભ થયો. આ જ્ઞાનસત્ર દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવનની કથાનું શ્રવણ કરાવ્યું હતું. આ સાથે યુવાન સંતોએ શ્રીધર્મજીવન વ્યાખ્યાનમાળામાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના જીવન અને સેવાકાર્યો વિશે મનનીય પ્રવચન કર્યા હતા. આ ઉપરાંત પ્રસંગોપાત્ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જ્ઞાનસત્રાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. અભ્યાસ કરનારા નાના સંતો-પાર્ષદોએ પ્રવચન કરી સૌની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

જ્ઞાનસત્ર દરમિયાન પ્રાતઃકાલે નિત્ય સમૂહમાં જન્મંગલ અનુષ્ઠાન તથા શ્રી ધર્મજીવન ગાથાના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનોએ જોડાઈને ભજન-પાઠ કર્યાં હતાં. બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૫૦ ઉપરાંત ભક્તોએ રક્તદાન કર્યું હતું.

ગૌરીપૂજન : SGVP દ્વારા દરવર્ષે ગૌરીપૂજન સ્વરૂપે મોટી સંખ્યામાં મેડીકલ, સી.એ., એન્જિનિયર તથા અન્ય ક્ષેત્રે અભ્યાસ કરનારી દીકરીઓને વર્ષ દરમિયાન થતો અભ્યાસખર્ચ સંસ્થા દ્વારા અપાય છે. આ ઉપક્રમે ખાસ આયોજિત ગૌરીપૂજન પ્રસંગે ૧૫૦ ઉપરાંત દીકરીઓને શિક્ષણસહાય અર્પણ કરી ગૌરીપૂજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાનસત્ર પ્રસંગે બહેનોને સત્સંગનો વિશેષ લાભ મળે એ માટે બે દિવસનો મહિલામંચ રાખવામાં આવ્યો હતો. જેમાં બાલિકાઓએ સાસંકૃતિક કાર્યક્રમ રજુ કરી સૌને પ્રસન્ન કર્યા હતા. સાંખ્યયોગી બહેનોએ સૌને સત્સંગનો લાભ આપ્યો હતો. આ સાથે અમરેલી, અમદાવાદ, દુધાળા વગેરે સ્થાનોમાંથી સાંખ્યયોગી બહેનોએ પધારી બહેનોને સત્સંગ-કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

આઝાદીના અમૃતપર્વ અને ગુરુકુલની સ્થાપનાના અમૃતપર્વ પ્રસંગે દેશભક્તિની થીમ ઉપર તૈયાર કરવામાં આવેલ સભામંડપ સૌને આકર્ષિત કરતો હતો. સાત દિવસના ભક્તિસભર આ અનેરા ઉત્સવમાં સહુ સંતો-ભક્તોએ ખૂબ આનંદ સાથે જ્ઞાન-ભક્તિનું ભાથું ભર્યું હતું. આ જ્ઞાનસત્રનાં સમાપન પ્રસંગે સદ્‌ગુરુ સંતોએ મુખ્ય યજમાન તથા સહ યજમાનશ્રીઓને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

રિસર્ચ સેન્ટર તથા સમાર્ટ ક્લાસ ઉદ્‌ઘાટન

સંસ્કૃત ભાષા સમસ્ત ભારતીય ભાષાઓની જનની છે. આજનું વિજ્ઞાન જે સમસ્યાઓનું સમાધાન નથી શોધી શકતું એવી વૈજ્ઞાનિક સમસ્યાઓનું સમાધાન વેદોના અધ્યયનથી શક્ય છે. સંસ્કૃત ભાષાના મહત્ત્વને સામે રાખીને SGVP ખાતે સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય સ્વામી માધવપ્રિયદાસજીએ 'દર્શનમ્' સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના કરી છે.

'દર્શનમ્' સંસ્કૃત મહાવિદ્યાલયમાં દક્ષિણ ભારત, મહારાષ્ટ્ર, ઓરીસ્સા તથા ગુજરાતના પ્રકાંડ પંડિતો સેવા આપી રહ્યા છે. ધોરણ ૬થી આચાર્ય કક્ષા સુધીના વિદ્યાભ્યાસની સાથે રહેવા-જમવાની સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. જેમાં ૧૮૦ જેટલા ઋષિકુમારો તથા સંતો-પાર્ષદો ચારેય વેદ તથા શાસ્ત્રોનો વિદ્યાભ્યાસ કરી રહ્યા છે.

ચોવિસ વર્ષથી કાર્યરત દર્શનમ્ સંસ્કૃત સંસ્થાનના રજત જયંતી વર્ષના પ્રારંભે ઋષિકુમારોના સર્વાંગીણ વિકાસ માટે એકવીસમી સદીને અનુરુપ સંસ્કૃત વિદ્યાલયને આધુનિક બનાવવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત રિસર્ચ સેન્ટર, સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ, લેંગ્વેજ લેબ, ખગોળ-ભૂગોળ લેબ વગેરેનું નિર્માણ થયું છે.

આ નૂતન સોપાનનું ઉદ્‌ઘાટન તારીખ ૨૩ જુલાઈ, ૨૦૨૨ના રોજ સંસ્થાના અધ્યક્ષ, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થયું.

આ પ્રસંગે ખાસ સારસ્વત તરીકે શ્રી ભાગ્યેશભાઈ ઝા (અધ્યક્ષ શ્રી ગુજરાત સાહિત્ય અકાદમી), ડો. અનુપ કે. સિંહજી (ડાયરેક્ટર જનરલ, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ), ડો. બળવંતભાઈ જાની (કુલાધિપતિશ્રી, હરિસિંહ ગૌર યુનિવર્સિટી, સાગર, **MP**), ડો. લલિતભાઈ પટેલ (કુલપતિશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ) ડો. હિમાંશુભાઈ પંડ્યા (કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ), ડો. નીતિન પેથાણી, જે.જે. યાજ્ઞિક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, **SGVP** આધુનિક યુગ સાથે કદમ મિલાવીને પ્રગતિ કરી રહ્યું છે. સંસ્કૃત વિદ્યાલય માટે આટલી અધુનિક વ્યવસ્થા ભારતમાં ભાગ્યેજ ક્યાંક હશે. અહીંથી સમસ્ત વિશ્વમાં સંસ્કૃત અને સંસ્કારોનું પ્રવર્તન થાય એવી શુભકામના પાઠવું છું. આજના ભાગદોડના સમયમાં સંસ્કૃત અભ્યાસ કરનારા ઋષિકુમારોને હું ધન્યવાદ આપુ છું.

સંસ્થાના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજી સ્વામીએ શુભાશિર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, સંસ્કૃત વિશ્વ ભાષા છે. તમામ સંસ્કૃતિના મૂળ સંસ્કૃત સાથે જોડાયેલા છે. અનેર રહસ્યો વેદ-શાસ્ત્રોમાં છૂપાયેલા છે. અહીંના સંશોધન કેન્દ્રમાં આ રહસ્યોને શોધવાનું કાર્ય થાય અને સમગ્ર વિશ્વને પ્રેરણા મળે એવી ભગવાનને પ્રાર્થના કરું છું. અહીંના ઋષિકુમારો અનેક લોકોના માર્ગદર્શક બને એવી શુભકામના. આજે સરકાર પણ સંસ્કૃતના વિકાસ માટે ખૂબ કાર્ય કરી રહી છે, તેથી સરકારને પણ ધન્યવાદ છે.

આ ઉપરાંત ઉપસ્થિત વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓએ દર્શનમ્ સાથે મળીને સંસ્કૃત અને સંસ્કાર માટે કાર્ય કરવાની શુભકામના સેવી હતી. સાથે સાથે ગુજરાત સાહિત્ય અકાદમીના નવનિયુક્ત પ્રમુખ શ્રી ભાગ્યેશભાઈ શાહ તથા દર્શનમ્ સંસ્કૃત વિદ્યાલયના પીએચ.ડી. થયેલા પ્રાધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના નૂતન સોપાન સૂર્યા કોમ્પ્યુટર લેબ તથા સ્માર્ટ ક્લાસના નિર્માણમાં મૂળ ભારાસર(કચ્છ)ના વતની અને હાલ સિસલ્સ નિવાસી શ્રી વિશ્રામભાઈ વરસાણીએ (વિજય કન્ટ્રક્શન) પોતાના સુપુત્ર શ્રી સૂર્યકાંતની સ્મૃતિમાં 'સૂર્યા કમ્પ્યુટર લેબ'ના નિર્માણમાં ખૂબ મોટો સહયોગ આપ્યો છે. એ જ રીતે સ્માર્ટ ક્લાસના નિર્માણમાં ગુરુકુલ પરિવાર કેનેડા તથા અમેરિકાના ભક્તજનોનો સહયોગ પ્રાપ્ત થયો છે.

આ પ્રસંગે કચ્છી લેવા પટેલ સમાજ-નાઈરોબીના પ્રમુખ શ્રી આર.ડી. વરસાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આર.ડી. કચ્છના આગેવાન દાનવીર છે. **SGVP** ગુરુકુલના નિર્માણમાં તેઓનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે. ઉપરાંત તેઓ અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ. વિઠ્ઠલભાઈ વશુભાઈ વઘાસિયા :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક વિઠ્ઠલભાઈ વઘાસિયા તારીખ ૬ ઓગસ્ટના રોજ અક્ષરવાસી થયા છે. વિઠ્ઠલભાઈ એટલે હરતુફરતું ગુરુકુલ. ખૂબ સમર્પિતભાવે સેવા કરીને એમણે ભગવાન શ્રહરિ તથા સંતોને રાજી કર્યા છે. સદાય હસતો ચહેરો અને નિર્મળ વ્યક્તિત્વને કારણે એમણે સમાજમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ભગવાન શ્રીહરિ વિઠ્ઠલભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર ઝલક, ભાઈઓ પરશોત્તમભાઈ, રમેશભાઈ, સંજયભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બાબુભાઈ વલ્લભભાઈ નાકરાણી :- ગામ પીઠવડી, હાલ સુરત નિવાસી પ.ભ. શ્રી બાબુભાઈ નાકરાણી (ઉં.વ.૭૩) તારીખ ૧૭-૭-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. બાબુભાઈ તથા એમનો પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ગુરુકુલ તથા સંતો સાથે અપાર હેત ધરાવનારા બાબુભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર કમલેશભાઈ, ભાઈઓ ધીરુભાઈ, હરિભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. શ્રી ચિરાગભાઈ અરવિંદભાઈ બોરડ :- ગામ કેરાળા, હાલ સુરત નિવાસી શ્રી ચરાગભાઈ બોરડ (ઉ.વ.૩૯) તારીખ ૨૭ જુલાઈના રોજ ભજન-સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ ચિરાગભાઈને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા અરવિંદભાઈ, કનુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. શ્રી પ્રેમજી હીરજી વરસાણી :- ગામ ભારાસર નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક શ્રી પ્રેમજીભાઈ વરસાણી ૧૨ ઓગસટના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની ગુરુકુલમાં ખૂબ સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ પ્રેમજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. શ્રી કાનજી નાનજી હિરાણી :- ગામ માનકૂવા, હાલ લંડન નીવાસી શ્રી કાનજીભાઈ હિરાણી ૧૫ જુલાઈના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે ખૂબ સારી રીતે જોડાયેલા કાનજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. શ્રી મેઘજીભાઈ ભગવાનભાઈ સુતરિયા તથા શ્રી વાલજીભાઈ કેશવભાઈ સુતરિયા :- ગામ ફાટસર નિવાસી શ્રી મેઘજીભાઈ સુતરિયા તથા વાલજીભાઈ સુતરિયા અક્ષરવાસી થયા છે. આ બન્ને ભાઈઓ તથા એમના પરિવારની ગુરુકુલમાં ખૂબ સેવાઓ રહી છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ મેઘજીભાઈ તથા વાલજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. શ્રી ચંપાબેન હરિભાઈ મારુ :- અમેરિકા નિવાસી મારુ પરિવારના શ્રી ચંપાબેન મારુ ૧૯ જુલાઈના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને લોસએન્જલસ સત્સંગ મંડળ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ ચંપાબેનને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા હરિભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. શ્રી હેમલતાબેન દામજીભાઈ આહલપરા :- ભાવનગર નિવાસી તથા ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેત ધરાવનારા રમેશભાઈના માતુશ્રી શ્રી હેમલતાબેન આહલપરા (ઉં.વ.૮૪) ૩૧ જુલાઈના રોજ શ્રીહરિનું ભજન કરતાં કરતાં અક્ષરવાસી થયાં છે. સત્સંગના રંગો રંગાયેલો આ પરિવાર મહારાજ તથા સંતોને સમર્પિત છે. ભગવાન શ્રીહરિ હેમલતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર રમેશભાઈ વગેરે સર્વ પરિવારનોને આશ્વાસન પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

પ.ભ. શ્રી જૈમિનભાઈ વલ્લભભાઈ બાબરીયા, અમદાવાદ
પ.ભ. શ્રી પિયુષભાઈ દવે, SGVP SCHOOL
પ.ભ. શ્રી હર્ષ જીગરભાઈ પટેલ, SGVP HOSTEL
પ.ભ. શ્રી શ્રેયાંશ જીતેનભાઈ મૂળજીભાઈ વરસાણી, મસ્કત
પ.ભ. શ્રી પરષોત્તમભાઈ વરમોરા, મોરબી
પ.ભ. શ્રી પ્રેમ દિવ્યાંગભાઈ પટેલ, ઉંજા
પ.ભ. શ્રી રાજેશભાઈ જોષી, અમદાવાદ
પ.ભ. શ્રી નરેન્દ્રભાઈ પુનાભાઈ ઠુંમ્મર, વડવિયાળા
પ.ભ. શ્રી કાનજીભાઈ ખેર, સુરેન્દ્રનગર
પ.ભ. શ્રી હર્ષ પરેશભાઈ વેકરીયા, હ.સુશીલાબેન - ગોવિંદભાઈ શામજીભાઈ ભંડેરી, લંડન
શ્રી જીયા ધરમભાઈ જોષી, અમદાવાદ
પ.ભ. શ્રી ડો.રવિન્દ્રકુમાર ધીરુભાઈ પાનસુરિયા, અમદાવાદ
પ.ભ. શ્રી નલિનભાઈ હંસરાજભાઈ પટેલ, જયદેવપુરા
પ.ભ. શ્રી ગુણવંતભાઈ જાગાણી, ઓટ્રેલિયા
પ.ભ. શ્રી યશ અતુલભાઈ અકબરી, અમદાવાદ
પ.ભ. શ્રી વસુધાબેન વિનેશભાઈ બાબરીયા, અમદાવાદ
પ.ભ. શ્રી અશ્વિનભાઈ દુધાત, અમદાવાદ
પ.ભ. શ્રી અશોકભાઈ રતિલાલભાઈ ઠોળિયા, અમદાવાદ
પ.ભ. શ્રી ધાર્મિક ડોબરિયા, રાજકોટ
પ.ભ. શ્રી દેવાંશ રોહન પરષોત્તમભાઈ ઠુંમ્મર, અમદાવાદ
પ.ભ. શ્રી વિનોદભાઈ વિશ્રામભાઈ ભુવા, કચ્છ
પ.ભ. શ્રી હીરજીભાઈ રામજીભાઈ વાડદોરીયા

આગામી આયોજન

તા.૦૫/૦૯/૨૨, સોમવાર : **શ્રીહરી જયંતી**, શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ
તા. ૦૭/૦૯/૨૨, બુધવાર : **જળઝીલણી એકાદશી**. જળઝીલણી મહોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ, સવારે ૯:૦૦ કલાકે
તા. ૨૧/૦૯/૨૨, બુધવાર : **ઇન્દિરા એકાદશી**
તા. ૨૬/૦૯/૨૨, સોમવાર : **નવરાત્રિ પ્રારંભ**

ટીંચણના રોગની સારવાર માટે એક દિવસમાં ૧૧ 'માઈક્રોપ્લાસ્ટી' ઓપરેશન કરનારા ડો. કાર્તિક શુકલ તથા તેમની ટીમ, SGVP હોસ્પિટલ

ગુજરાતના પ્રસિદ્ધ મહિલા લેખકોની ઉપસ્થિતિમાં આયોજિત સાહિત્યસત્રમાં ઉપસ્થિત સાહિત્યકારો તથા અભિભાવકો

શ્રાવણ માસ દરમિયાન રાજકોટ-રીબડા ગુરુકુલ દ્વારા દરરોજ જુદા જુદા ગામોના મંદિરો તથા ભક્તોના ઘરે મહાપૂજા તથા સવાલક્ષ મંત્રજાપના આયોજનમાં ઉપસ્થિત સંતો તથા ભક્તો

અમદાવાદ જિલ્લા કક્ષાના સ્વાતંત્ર પર્વમાં ધ્વજવંદન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, SGVP

જન્માષ્ટમી પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્યની આરતી કરતા સદ્‌ગુરુ સંતો તથા પ્રાગટ્યોત્સવની વધામણી, અમદાવાદ ગુરુકુલ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

જ્ઞાનસત્ર - ૪૬

અખંડ ધૂન

જન્મમંગલ અનુષ્ઠાન

રક્તદાન કેમ્પ

યજમાન પરિવારને આશીર્વાદ



મહિલામંચ તથા ગૌરીપૂજન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે યોજાયેલ ૪૬મા જ્ઞાનસત્ર પ્રસંગે અનુષ્ઠાન, રક્તદાન કેમ્પ, કથા-વ્યાખ્યાનમાળાનો લાભ આપતા સંતો, સભામાં ઉપસ્થિત ભક્તજનો, યજમાન પરિવાર તથા વિદ્યાસહાયમાં સહયોગ આપનારા ભક્તો

To.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-